Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)

Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year: 7, Issue:28 Dt.15-11-2021 (Monday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

મોરબીમાંથી ૬૦૦ કરોડનું હેરોઈન ઝડપાયું

ગુજરાતમાં દરિયા માર્ગે ડ્રગ્સ ઘુસાડવાનું કાવતરૂ યુએઈમાં ઘડાયું, મુખ્ય સુત્રધાર પાકિસ્તાનનો ઝાહીદ બલોચ, ઓપરેશનની વિગતો આપતા ડીજીપી આશીષ ભાટીયા

નાના એવા ઝીંઝુડા ગામમાં એટીએસનું જોરદાર ઓપરેશન, ૩ ની ધરપકડ, બેની શોધખોળ: ૧૨૦ કિલો જેટલો નશીલા પદાર્થોનો જંગી જથ્થો ઝડપાઈ જતા ભારે ખળભળાટ: મોરબી જિલ્લા અને સૌરાષ્ટ્રમાં ડ્રગ પેડ્લરની નવી ગેંગ ઉભી થયાનો ચોંકાવનારો પર્દાફાશ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૫

સૌરાષ્ટ્ર અને ગુજરાત પર ડ્રગ્સ માફીયા ટોળકીઓની કુડી નજર પડી ગઈ હોય તેમ લાખો નહીં બલકે કરોડો રૂપિયાની કિંમતનો નશીલા પદાર્થોનો જથ્થો પકડાય રહ્યાની એક પછી એક ચોંકાવનારી ઘટનાઓ સામે આવી રહી છે અને એવું પ્રસ્થાપિત થઇ રહ્યું છે કે, જંગીપાયે નશીલા પદાર્થોની હેરફેર અહીં છુ પાવી રાખવા માટે સૌરાષ્ટ્રનાં ગામડાઓનો ઉપયોગ કરવા માટે ડ્રગ માફીયા ટોળકીઓએ નવી નવી તરકીબો અમલમાં મૂકી છે. રવિવારે રાતે મોરબી-માળીયામિયાણા પંથકમાં આવેલા ઝીંઝુડા ગામમાં એક દિલધડક સંયુક્ત ઓપરેશન હાથ ધરીને અમદાવાદ અને મોરબી પોલીસે

રૂ. ૬૦૦ કરોડની કિંમતનો ૧૨૦ કિલો જેટલો હેરોઈનનો જંગી જથ્થો પકડી પાડ્યો હતો. વિખ્યાત નવલકી પોર્ટ પાસે આવેલા નાના એવા ઝીંઝુડા ગામમાંથી આટલી જંગી કિંમતનો નશીલા પદાર્થનો જંગી જથ્થો મળી આવતા ખળભડાટ મચી ગયો છે. પોલીસે મધરાતનાં આ જોરદાર ઓપરેશન બાદ કેફી દ્રવ્ય હેરોઈનનાં જથ્થા સાથે ત્રણ શખ્સો શમસુદ્દીન પીરઝાદા, ગુલામ હુશેન અને જબ્બાર જોડીયાની ધરપકડ કરી લીધી હતી.

દરમ્યાન ગુજરાતનાં પોલીસવડા આશિષ ભાટીયાએ આજે ડ્રગ્સ ઓપરેશન અંગે પત્રકારોને વિગતો આપતા જાહેર કર્યું હતું કે સૌરાષ્ટ્રમાં ડ્રગ્સનું જંગી જથ્થો ઘુસાડવાનું કાવતરું યુએઈ માં ઘડવામાં આવ્યું હતું. તેવી ગુજરાત પોલીસને બાતમી મળી છે. પાકિસ્તાનમાં રહેતો ડ્રગ્સનો માફીયા ઝાહીદ બલોચ ગુજરાતમાં ડ્રગ્સ મોકલવાના કાંડનો મુખ્ય સૂત્રધાર હોવાનું જાણવા મળ્યું છે. ડીજીપી ભાટીયાએ જણાવ્યું હતું કે પાકી બાતમી મળ્યા બાદ મોરબીનાં પોલીસનાં સુત્રોએ જણાવ્યા મુજબ રાજ્યમાં એટીએસ દ્વારા સ્થાનિક પોલીસની મદદથી બાતમીદારોનું મોટું નેટવર્ક ગોઠવવામાં આવ્યું છે. દરમ્યાન સ્થાનિક પોલીસ અને એટીએસને એવી સચોટ બાતમી મળી હતી કે મોરબી પાસે ઝીંઝુડા ગામમાં કેટલાક શખ્સો ડ્રગ્સની હેરાફેરીમાં સંડોવાયા છે. માહિતીની ખરાઈ કર્યા બાદ પોલીસે ઓપરેશન હાથ ધર્યું હતું અને રવિવારે મધરાત્રે દરોડો પાડ્યો હતો. ગામમાંથી ત્રણ શખ્સોને હેરોઈન સાથે પકડી લેવાયા હતા. સમગ્ર કાવતરું ઘડાયું છે યુએઈ માં પણ મુખ્ય સૂત્રધાર બલોચ પાકિસ્તાનમાં છે. આરોપીઓની પૂછપરછમાંથી મુખ્ય ભેજાબાજનું નામ પહેલીવાર જાહેર થયું છે.

ડીજીપી ભાટીયાએ એવું પણ જણાવ્યું હતું કે પોલીસનાં સુત્રોએ જણાવ્યા મુજબ રાજ્યમાં એટીએસ દ્વારા સ્થાનિક પોલીસની મદદથી બાતમીદારોનું મોટું

(અનુ.પાના નં.૪ ઉપર)

દિલ્હીમાં પ્રદુષણ ઘટાડવા લોકડાઉન લાદવા સરકાર તૈયાર

સુપ્રીમ કોર્ટમાં જવાબ રજુ કરતી કેજરીવાલ સરકાર

નવી દિલ્હી, તા.૧૫

નવી દિલ્હી અને આસપાસનાં વિસ્તારોમાં ગંભીર રીતે વકરી ગયેલા પ્રદુષણને કાબુમા લેવા માટે લોકડાઉન લાદવાનાં સુપ્રીમ કોર્ટનાં સુચનને અમલમાં મુકવાની દિલ્હી સરકારે તૈયારી બતાવી છે. સુપ્રીમ કોર્ટની તાકીદ બાદ આજે કેજરીવાલ સરકારે પ્રદુષણ અંગે સુપ્રીમ કોર્ટમાં જવાબ રજુ કર્યો હતો અને દરખાસ્ત પણ મૂકી હતી. સુપ્રીમમાં મુકેલી દરખાસ્તમાં કેજરીવાલ સરકારે સોગંધનામા થકી દર્શાવ્યું હતું કે, દિલ્હીમાં પ્રદુષણ ઘટાડવા માટે સંપૂર્ણ લોકડાઉન સહિતનાં પગલા લેવા માટે રાજ્ય સરકાર તૈયાર છે. જો કે દિલ્હી અને તેની આસપાસનાં વિસ્તારો તથા પડોશનાં રાજ્યોમાં પણ સાથે-સાથે લોકડાઉન લાદવામાં આવે તો જ આ પગલાનો ફાયદો થશે. સરકારે સુપ્રીમમાં એવી પણ માહિતી આપી હતી કે રવિવારે દિલ્હીનાં હવામાનનાં નોંધપાત્ર સુધારો થયો હતો પરંતુ હજુ પ્રદુષણ જોખમી કક્ષાએ છે.(૨.૧૨)

યુ.પી. માં ભાજપ સત્તા જાળવશે, ઘણી બેઠકોનું નુકશાન

પંજાબમાં આપ અને કોંગ્રેસ વચ્ચે રસાકસી : યુ.પી. માં ભાજપને ૧૦૦ જેટલી બેઠકોને નુકશાન થવાની વકી: ખાસ સર્વેક્ષણ

નવી દિલ્હી, તા.૧૫

દેશના મહત્વનાં અને સૌથી મોટા રાજ્ય ઉતરપ્રદેશ સહિત પાંચ રાજ્યોમાં આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ રહી છે. ત્યારે ભાજપ અને સાથી પક્ષો માટે કપરો સમય અને મુશ્કે લીઓ સર્જાય તેવી આગાહી કરવામાં આવી રહી છે. તાજેતરમાં હાથ ધરવામાં આવેલા લોક સર્વેક્ષણમાં એવું તારણ નીકળ્યું છે કે યુ.પી માં ઘણી વધુ બેઠકો ગુમાવ્યા પછી પણ ભાજપ સતા જાળવી રાખે એવી શક્યતા છે. જયારે પંજાબમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ગળાકાપ હરીફાઈ થઇ શકે છે.

એબીપી-સીવોટર દ્વારા હાથ ધરાયેલા સર્વેક્ષણમાં બહાર આવ્યું છે કે યુ.પી. માં ગયા વખત કરતા ઘણી વધુ એટલેકે ૧૦૦ બેઠક ભાજપ ગુમાવે તેવી સંભાવના છે. પણ સતા જાળવી રાખશે. પંજાબમાં ભાજપ અને સાથી પક્ષોને એક પણ બેઠક નહીં મળે એવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. મુખ્ય જંગ કોંગ્રેસ અને આપ વચ્ચે થશે. તેમ મનાય છે.

યુ.પી. માં મોટાપાયે નુકશાન થઇ રહ્યું હોવા છતાં સતા પર પુનરાગમન નક્કી મનાય છે. ધારણા મુજબ યુ.પી. માં ભાજપ અને સાથી પક્ષોને ૨૧૭ બેઠક, સમાજવાદી પાર્ટીને ૧૫૬ બેઠકો, બસપા ને ૧૮ બેઠકો અને કોંગ્રેસને ૮ બેઠક મળી શકે છે. મતોની ટકાવારીની દ્રષ્ટિએ ભાજપ અને સાથીદારોને અંદાજે ૪૦.૭ ટકા મતો, સપા ને ૩૧.૧ ટકા, બસપા ને ૧૫.૧ ટકા તેમજ કોંગ્રેસને ૮.૯ ટકા જેટલા મતો મળી શકે છે. એ રીતે યુ.પી. માં ભાજપ અને સમાજવાદી પાર્ટી વચ્ચે મુખ્ય ચૂંટણી જંગ છે અને તફાવત માત્ર ૬૦ બેઠકોનો રહી ગયો છે. પંજાબમાં ભાજપ પ્રેરિત એનડીએ નું ખાતુ પણ નહીં ખુલે એવું લાગે છે. કોંગ્રેસને ૪૬ બેઠકો, અકાલીદળને ૨૦ અને આમ આદમી પાર્ટીને ૫૧ જેટલી બેઠકો મળવાની શક્યતા છે. મતદાનની દ્રષ્ટિએ કોંગ્રેસને ૩૪.૯ ટકા મતો મળી શકે છે. તો બીજીતરફ આપ ને ૩૬.૫ ટકા મતો મળે તેવી શક્યતા છે. એટલે મતો મેળવવાની ટકાવારીમાં આપ અવ્વલ ક્રમે રહી શકે છે.

ઉતરાખંડમાં એવું તારણ નીકળ્યું છે કે, કોંગ્રેસ લડત આપશે પરતું સહેજ માટે સતાથી દૂર રહી જશે. ભાજપ સતા ટકાવી રાખે તેવી શક્યતા છે. ભાજપને ૩૮ અને કોંગ્રેસને ૩૨ બેઠકો મળી શકે છે. જયારે ગોવામાં ભાજપ પૂરી બહુમતી સાથે સતા મેળવે તેવી શક્યતા છે. અહીં પણ આપ ને ૫ બેઠકો મળવાની શક્યતા દેખાઈ છે. કોંગ્રેસ ત્રીજા સ્થાને રહેશે. એટલે ૨૦૧૭ માં મેળવેલી ૧૭ બેઠકોનાં આંકડા પરથી નીચે ઉતરીને કોંગ્રેસ માત્ર ચાર બેઠક મેળવે તેવી સંભાવના છે. મણીપુરમાં ભાજપનું આસાન વિજય થવાની સંભાવના ગણાય છે.(૨.૧૨)

હવે તો હદ થઇ! ગાંજાની હેરફેર માટે એમેઝોનનો આબાદ ઉપયોગ

૨૦ કિલો ગાંજો કંપની મારફત મોકલનારા ૨ શખ્સોની ધરપકડ: મધ્યપ્રદેશમાં બહાર આવ્યું નવતર પ્રકારનું કૌભાંડ: પોલીસ સ્તબધ્ધ

(એજન્સી સમાચાર)
ભોપાલ, તા.૧૫

દરિયા માર્ગે બોટ કે શિપ મારફત અથવા તો કાર યા અન્ય વાહનોમાં ભરીને નશીલા પદાર્થોની હેરફેર થતી હોવાનું આપણે અત્યાર સુધી જોતા સાંભળતા આવ્યા છીએ. પરંતુ ડ્રગ્સ માફીયા ટોળકીઓ અને ટ્રેડલર ડ્રગની હેરફેર માટે કોઈ ઈ-કોમર્સ કંપનીનો જ દૂરઉપયોગ કરી નાખે એવું તો પોલીસે પણ વિચાર્યું નહીં હોય. પણ ના, આ હકીકત છે અને આવું

એક ચોકાવનારું કૌભાંડ મધ્યપ્રદેશની પોલીસે પકડી પાડ્યું છે. એમેઝોન ઓનલાઈન કંપની મારફત આંધ્રપ્રદેશનાં વિશાખાપટ્ટનમ માંથી ૨૦ કિલો ગાંજાનો જથ્થો સિફત પૂર્વક પેકિંગ કરીને એમેઝોન મારફત મધ્યપ્રદેશમાં ઘુસાડી દેવાયાનું નવતર કૌભાંડ બહાર આવ્યું છે. મધ્યપ્રદેશ પોલીસે ઓનલાઈન ગાંજાનો જથ્થો મંગાવનાર બે શખ્સોની ધરપકડ કરી હતી.

પોલીસ તપાસમાં એવી ચોંકાવનારી હકીકત બહાર આવી હતી કે છેલ્લા ૪ મહિનામાં એમેઝોન ઈ-કોમર્સ કંપની મારફત એક ટન જેટલો ગાંજો મધ્યપ્રદેશ લાવવામાં આવ્યો હતો. ડ્રગ્સની હેરફેરનો આ નવતર તરીકો ગોતી

(અનુ.પાના નં.૪ ઉપર)

સક્ષમ શાસનની મોદી સ્ટાઈલ, મંત્રી મંડળનું આઠ ભાગમાં વિભાજન

૭૭ પ્રધાનોનાં આઠ જૂથ બનાવી ખાસ કામગીરીની સોંપણી: ટેકનોલોજી આધારિત સંસાધનોનો વિકાસ અને વ્યવસાય નિષ્ણાંતોની સેવા લેવાનો હેતુ

(એજન્સી સમાચાર)
નવી દિલ્હી, તા.૧૫

વધુ અસરકરણ ઢબે શાસન આગળ વધી શકે અને વધુ પારદર્શક તથા કાર્યક્ષમ બનાવી શકાય એ હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક મોટું પગલું લીધું છે. વડાપ્રધાને એમના મંત્રી મંડળનાં તમામ ૭૭ સભ્યોને ૮ જૂથમાં પરિવર્તિત કર્યા છે. પ્રધાનોનાં ૮ જૂથ બનાવીને એમને ટેકનોલોજી આધારિત સાધનો ઉભા કરવા અને એમની ટીમમાં વ્યવસાય નિષ્ણાંતોની સેવા લેવા માટેની ખાસ વ્યવસ્થા ઉભી કરવા વિશેષ પ્રકારની કામગીરી સોંપી છે.

આધારભૂત સુત્રોએ જણાવ્યું હતું કે તાજેતરમાં વડાપ્રધાન મોદીનાં અધ્યક્ષ સ્થાને કેબીનેટની ચિંતન શિબિરો યોજાય હતી. આવી એક-એક બેઠક પાંચ-પાંચ કલાક સુધી ચાલી હતી. બેઠકોમાં થયેલા મંથનને પગલે તમામ ૭૭ મંત્રીઓનાં ૮ જૂથ બનાવવામાં આવ્યા છે. નિર્માણાધીન તમામ યોજનાઓ માટે ટેકનોલોજીનો સર્વોતમ ઉપયોગ કરી શકાય એ માટે યુવા નિષ્ણાંતોની સેવા લેવા તેમજ નિવૃત થતા અધિકારી પાસેથી સૂચનો મેળવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

વડાપ્રધાન અત્યારે મંત્રીઓની વ્યક્તિગત કાર્યદક્ષતા, પ્રોજેક્ટનાં અમલીકરણને પ્રાથમિકતા, પક્ષ અને સરકાર વચ્ચે સક્ષમ સંકલન જેવા મુદ્દાઓ પર પોતાની કેબીનેટની કામગીરીને કાર્યદક્ષ બનાવવા આગળ વધી રહ્યા છે. ચિંતન શિબિરો પાંચ જેટલી યોજાઈ હોવાનું જાણવા મળ્યું છે. એ કારણે મંત્રીઓને ૮ જૂથ બનાવીને સમાવવામાં આવ્યા છે. દરેક જૂથમાં ૮ થી ૧૦ મંત્રીઓ રહેશે. દરેક જૂથનું સંકલન

(અનુ.પાના નં.૪ ઉપર)

દેશભરમાં કંગના રાણાવતનો પદ્મશ્રી એવોર્ડ પાછો લેવા ચોમેર માંગણી

૧૯૪૭ માં મળેલી આઝાદી ભીખ ગણાવી કંગનાએ આઝાદી વીરોનું અપમાન કર્યાનો મતઃ દિલ્હી મહિલા પંચે અભિનેત્રી સામે દેશદ્રોહનો કેસ કરવા માંગણી કરી: રાષ્ટ્રપતિને આવેદનપત્ર આપી પગલા લેવા અનુરોધ

(એજન્સી સમાચાર)
નવી દિલ્હી, તા.૧૫

દેશને ૧૯૪૭ માં મળેલી આઝાદી તો ભીખ હતી, સાચી આઝાદી ૨૦૧૪માં મળી છે. એવા વિવાદા સ્પદ વિધાનો કરનાર અભિનેત્રી કંગના રાણાવત સામે દેશભરમાં વિરોધનો જ્વાળામુખી ફાટી પડ્યો છે. કોંગ્રેસ સહિતનાં રાજકીય પક્ષો, ખૂદ ભાજપનાં નેતાઓ અને મહિલા પંચોએ કંગનાને આપેલો રાષ્ટ્રીય પદ્મશ્રી એવોર્ડ તત્કાલ પાછો લઇ લેવા જોરદાર માંગણી કરી છે અને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સુધી લાગણી પહોંચાડવામાં આવી છે.

દિલ્હી મહિલા પંચનાં ચેર પર્સન સ્વાતી માલીવાલે કંગનાનો એવોર્ડ પાછો લઇ લેવા રાષ્ટ્રપતિને પત્ર પાઠવી અનુરોધ કર્યો છે. એટલું જ નહીં આવા વિધાનો બદલ અભિનેત્રી સામે રાષ્ટ્રભવનની કલમ મુજબ કામ ચલાવવા પર માંગણી કરી છે. રાષ્ટ્રપતિ પરનાં પત્રમાં માલીવાલે દર્શાવ્યું છે કે, કંગનાને સંડોવતી આ કોઈ એક માત્ર ઘટના નથી. આ મહિલા માનસિક રીતે વિચલિત દેખાય છે. આપણા દેશના વિવિધ વર્ગનાં લોકો સામે હંમેશા ઝેર ઓકતી રહે છે અને ખરાબ ભાષા વાપરતી રહે છે. રાષ્ટ્રપતિએ આ મહિલાનાં વિધાનોની તાત્કાલિક નોંધ લેવી જોઈએ. આવા વિધાનો કરીને કંગનાએ આપણા મહાન આઝાદી વીરો મહાત્મા ગાંધીજી, ભગતસીંઘ તથા અન્ય લાખો નામી અનામી આઝાદી સેનાનીઓનું અપમાન કર્યું છે અને એમના પ્રતિ દ્વેશ વ્યક્ત કર્યો છે.

કંગનાને એ ખબર નથી કે લાખો લોકોની કુરબાની બાદ બ્રિટીશરો ની ગુલામીની ચુંગાલમાંથી આપણે આઝાદ થયા હતા.

(અનુ.પાના નં.૪ ઉપર)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર કલીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

દેશમાં અમીર અને ગરીબ વચ્ચેની ખાઈ વાસ્તવિકતા છે: મુખ્ય ન્યાયમૂર્તિ

આર્થિક આઝાદી વિના ખરી આઝાદી મળી ન શકે, એન.વી.રમણાનો મતઃ કલ્યાણકારી યોજનાઓ ધાર્યા મુજબ અને પ્રમાણમાં જરૂરતમંદો સુધી પહોંચતી નથી

(એજન્સી સમાચાર)
નવી દિલ્હી, તા.૧૫

સુપ્રીમ કોર્ટનાં મુખ્ય ન્યાયમૂર્તિ એન.વી.રમણાએ સ્પષ્ટ મંતવ્ય વ્યક્ત કર્યું હતું કે દેશમાં અમીરો અને ગરીબો વચ્ચેની ખાઈ એ વાસ્તવિકતા છે. ગરીબી નાબુદી કરવા માટે કામ થાય એ અત્યંત જરૂરી છે.

દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુની જન્મજયંતિ પર યોજાયેલા એક ખાસ કાનૂની જાગૃતિ કાર્યક્રમમાં બોલતા દેશના મુખ્ય ન્યાયમૂર્તિએ લાગણી વ્યક્ત કરી હતી કે,આપણે એક સમાજ કલ્યાણ વ્યવસ્થાનો હિસ્સો હોવા છતાં ધાર્યા મુજબ અને પ્રમાણમાં જરૂરિયાત મંદો સુધી ફાયદાઓ પહોંચી રહ્યા નથી. સન્માનભેર જીવન પસાર કરવાની લોકોની અપેક્ષા આડે અનેક વિઘ્નો છે. એમાંનો એક મોટો પડકાર ગરીબી છે.

મુખ્ય ન્યાયમૂર્તિએ ગરીબીની સમાજ અને દેશના વિકાસ પર અસર અંગે નેહરૂજીનું વિખ્યાત વાક્ય ટાંક્યું હતું. જેમાં નહેરુજી એ જણાવ્યું હતું કે, આર્થિક આઝાદી વિના આપણને સાચી આઝાદી મળી શકે નહીં. એક ભૂખ્યા માણસને એ આઝાદ નાગરિક છે એવું કહેવું એ તેની મશ્કરી કરવા સમાન છે.

એન.વી.રમણાએ એ હકીકતની યાદ અપાવી હતી કે આઝાદી સંગ્રામ માટેનો આપણો મૂળભૂત હેતુ દરેક નાગરિકનાં સન્માન અને સ્વમાની જીંદગી અંગેનો હતો. તેમણે ઉમેર્યું હતું કે બ્રિટીશ શાસનનો અભિગમ એવો રહ્યો હતો કે ગરીબી એક કમનશીબી છે અને કાયદો તેમાં કોઈ જવાબદારી બજાવી શકે નહીં.

તેમણે ઉમેર્યું

(અનુ.પાના નં.૪ ઉપર)

ગરીબી દૂર કરવાના પગલા લેવા જ પડશે, દેશનાં મુખ્ય ન્યાયમૂર્તિનો મત

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી **Sk News** એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા

આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્કાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ | saurashtrakrant
SAURASHTRAKRANTI | SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતી

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઇપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

ક્લાસિફાઇડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરોઃ

90333 44426

આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

રાજકોટનો શિયાળો એટલે ફિટનેશ કસરતનો અનેરો અવસર

(તસવીરઃ દિલીપ ગોહેલ)

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ) રાજકોટઃ ઠંડી વધી રહી હોવાથી ગરમ વસ્ત્રોની બજારમાં પણ ગરમી આવી ગઈ છે. લોકો ગરમી પૂરી પાડતા ઉનનાં સ્વેટર, જેકેટ, કાન ટોપી, હાથ અને પગનાં મોજાની ખરીદી કરી રહ્યા છે અને ઘરના કબાટમાં વર્ષભર સાચવી રાખેલા ગરમ વસ્ત્રોને બહાર કાઢી રહ્યા છે. શરીરને આકરી ઠંડીમાં ગરમાવો પૂરો પાડતા જાતજાતનાં વસાણા અને મુરબ્બાની પણ ધૂમ ખરીદી થઇ રહી છે. ફિટનેસ પ્રેમી લોકો વહેલી સવારથી જોગીંગ માટે નીકળી પડે છે. અલગ-અલગ શહેરોમાં બનાવવામાં આવેલા ખાસ જોગીંગ પાર્ક અને બાગ-બગીચામાં લોકો હળવી કસરતો કરતા અને જોગીંગ કરતા દેખાય છે. લોકો શિયાળાને તબિયત બનાવવાની ઋતુ માને છે. એટલે રોજીંદા ખાનપાનમાં પણ ઘણા ફેરફારો કરવામાં આવે છે. અમુક લોકો તો કસરત કરતા પણ તસવીરમાં નજરે પડે છે.(૨.૧૧)

રાજકોટના ટાગોર રોડ પર શો-રૂમમાં ભીષણ આગ

(તસવીરઃ દિલીપ ગોહેલ)

ફાયરવિભાગની ૩ ટીમે આગ પર કાબૂ મેળવ્યો, કોઈ જાનહાનિ નહીં

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

રાજકોટમાં ટાગોર રોડ પર આવેલા મારૂતિ સુઝુકીના શો-રૂમમાં ભીષણ આગ લાગી હતી.

આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. આ ઘટનાની જાણ થતા જ એ ડિવિઝન પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને તાત્કાલિક ફાયરવિભાગને આગ લાગવાની જાણ કરવામાં આવી હતી. આગ લાગવાની જાણ થતા જ ફાયરવિભાગનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી સતત પાણીનો મારો ચલાવી આગને બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. ભારે જહેમત બાદ ફાયરવિભાગની ટીમે આગ પર કાબૂ મેળવ્યો હતો. આગ લાગવાથી શો-રૂમના ગ્રાઉન્ડ ફ્લોર પર મોટા પ્રમાણમાં નુકસાન પામ્યુ હોવાનું જાણવા મળ્યું હતું. પ્રાથમિક તપાસ દરમિયાન આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. જ્યારે શોર્ટસર્કિટને કારણે આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

રાજકોટ મહાનગરપાલિકાના ચીફ ઓફિસર જણાવ્યું હતું કે, ગ્રાઉન્ડ ફ્લોર પર ૩ કાર ડિસ્પ્લેમાં રાખવામાં આવી હતી. જેમાંથી એકપણ કારને નુકસાન પહોંચ્યું નથી. ફાયરવિભાગની ૩ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ પર સતત પાણીનો મારો ચલાવ્યો હતો. જેના કારણે આગ પર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી. શો-રૂમના એલિવેશનમાં જ આગ લાગી હોવાથી માત્ર તેટલા જ એરિયામાં નુકશાન થવા પામ્યું છે.(૧૧)

ઉતરપ્રદેશમાં ગૌમાતાઓ માટે એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ

(એજન્સી સમાચાર)

મથુરા, તા.૧૫

ઉતરપ્રદેશમાં યોગી આદિત્યનાથની સરકારે ગાય માતાઓ માટે એમ્બ્યુલન્સ સેવાનો શુભારંભ કર્યો છે. ડેરી વિકાસ અને પ્રાણીસંવર્ધન મંત્રી લક્ષ્મી ચૌધરીએ જાહેરાત કરતા જણાવ્યું હતું કે, ગંભીર બિમારીથી પીડાતી અને ગૌશાળા કે પાંજરાપોળની અથવા રસ્તા પર ફરતી ગાય માતાઓને દવાખાને લઇ જવા રાજ્યમાં ૫૧૫ એમ્બ્યુલન્સ તેનાત કરવામાં આવી છે. આવી સેના શરૂ કરનાર યુ.પી. દેશનું પ્રથમ રાજય બન્યું છે. દરેક એમ્બ્યુલન્સમાં એક પશુ ચિકિત્સક અને બે સહાયકો રહેશે. ગાય માતાઓને ઝડપથી સારવાર મળી રહેશે.

આ માટે લખનૌમાં ખાસ કોલ સેન્ટર પણ ઉભું કરવામાં આવ્યું છે. કોઈપણ બીમાર ગાય માટે કોલ આવે ત્યારે ૧૫ થી ૨૦ મિનીટમાં એમ્બ્યુલન્સ જે તે સ્થળે પહોંચી જશે.(૨.૧૨)

મનપા અને ફીડમ યુવા ગ્રુપ દ્વારા પ્રતિમા સફાઈ કાર્યક્રમ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ , તા.૧૫

ભારત આઝાદીના ૭૫ વર્ષ તેમજ ભારતના વિકાસ અને સિધ્ધીની ઉજવણીના ભાગરૂપે આઝાદી કા અમૃત મહોત્સવ તથા કલીન ઇન્ડીયા પોગ્રામ ઉજવવામાં આવી રહ્યો છે. આ ઉજવણીના ભાગરૂપે સ્વચ્છ ભારત મિશન ૨.૦ અંતર્ગત આગામી સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૨ અન્વયે મહાનગરપાલિકા અને ફીડમ યુવા ગ્રુપ દ્વારા જયુબેલી ગાર્ડન ખાતે મહાત્મા ગાંધીજીની પ્રતિમા સફાઇ કાર્યક્રમ તથા પુષ્પાંજલી અર્પણ કરવામાં આવેલ તથા યુનિવર્સીટી રોડ ગાર્ડન ખાતે CYSS - છાત્ર યુવા સંઘર્ષ સમિતિ દ્વારા શહીદ વીર ભગતસિંહજીની પ્રતિમા સફાઇ કાર્યક્રમ તથા પુષ્પાંજલી અર્પણ કરવામાં આવેલ. ઉપરોકત પ્રતિમા સફાઇ કાર્યક્રમમાં ફીડમ યુવા ગ્રુપના પ્રમુખ પ્રવીણભાઈ ચાવડા તથા અન્ય હોદેદારો અને CYSS છાત્ર યુવા સંઘર્ષ સમિતિના સુરજભાઈ બગડા તથા અન્ય હોદેદારો સહિત બહોળી સંખ્યામાં નાગરીકો પણ ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રાજકોટ મહાનગરપાલિકાના મદદનીશ પર્યાવરણ ઇજનેર વિરલ ચાવડા તથા રાકેશભાઈ શાહ તેમજ સેનેટરી ઇન્સ્પેકટર લખતરીયા તથા જોષી સહિતનાં સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ.

જ્યારે શહેરની અન્ય ૨૩ મહાનુભાવોની પ્રતિમાઓની સફાઈ રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના લગત વોર્ડના સ્ટાફ દ્વારા કરવામાં આવેલ હતી. તેમ જણાવ્યું છે. (૧.૧૩)

ત્રિકોણબાગ પાસેથી બેભાન મળેલા વૃધ્ધનું મોતઃ વાલીવારસની શોધ

પરિચીત હોય તો એ-ડિવીઝન પોલીસનો સંપર્ક કરવો

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ તા. ૧૫

ત્રિકોણબાગ પાસે ભારત બેકરી પાસેથી અજાણ્યા આશરે ૫૦ વર્ષના પ્રૌઢ ફૂટપાથ પરથી બેભાન-બિમાર મળતાં ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિ મોત નિપજ્યું હતું. મૃતકે કબુતરી કલરનું પેન્ટ પહેર્યું છે. શર્ટ પહેર્યો નથી. માથે કાળા સફેદ વાળ છે. મૃતકના કોઇ પરીચીત, વાલીવારસ હોય તો એ-ડિવીઝન પોલીસનો ફોન ૦૨૮૧ ૨૨૨૬૬૫૯ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે. પીએસઆઇ જે. એમ. ભટ્ટ વધુ તપાસ કરે છે.

બે એક્ટિવાચોરનાર બે ઝડપાયા

બંનેની પોકેટકોપ એપની મદદથી ધરપકડ

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

રાજકોટમાં બન્ને શખ્સોએ ચોરી માટે પોકેટકોપ એપની મદદ લીધી હતી. આ અંગે ગાંધીગ્રામ પોલીસ અને ક્રાઈમ બ્રાંચે બંને શખ્સો પકડી પાડ્યા છે. પોલીસ પૂછપરછમાં બંને શખ્સોએ પોકેટકોપ એપની મદદથી એક્ટિવાની ચોરી કરી હતી.

ક્રાઈમ બ્રાન્ચની ટીમે રણછોડનગર શેરી નં.૨૯ સદગુરુ જ્યોત એપાર્ટમેન્ટમાં રહેતા પ્રશાંત રમેશભાઈ પાંભરને જીજે ૦૩ જે.એમ ૩૭૬૧ નંબરના ૪૫ હજારની કિંમતના ચોરાઉ એક્ટિવા સાથે પકડી પાડ્યો હતો.

બીજા બનાવમાં હેરના રૈયાધાર સ્લમ ક્વાર્ટર્સ શાંતિનગર ગેઇટ પાસેથી ગાંધીગ્રામ પોલીસે રીક્ષા ડ્રાઈવર દશરથ ઉર્ફે દસ્તો ગભુભાઈ જોગરાણાને ૫૦ હજારની કિમંતના જીજે ૦૩ એમ.એ. ૩૭૦૧ નંબરના એક્ટિવા સાથે પકડી લીધો હતો. દશરથે આ એક્ટિવા બે દિવસ પૂર્વે મવડી પ્લોટ નજીકથી ચોરી કર્યાનું કબુલ્યું હતું.(૧૧)

શેરડીની ધુમ ખરીદી

રાજકોટઃ દેવદિવાળી પર શેરડીની ધુમ ખરીદી થતી હોય છે. દેવ દિવાળી નિમિતે રાજકોટની બજારોમાં ઢગલા મોઢે શેરડી વેંચાણમાં મુકાઇ હતી. દેવ દિવાળી નિમિતે તુલસી ક્યારે શેરડી પધરાવવાની પ્રથા આપણે ત્યાં હજુએ જળવાતી આવી છે. શેરડીની ખરીદવા માટે દેવ દિવાળીના શુકન સચવાતા હોય છે. શહેરના માર્ગો ઉપર જગ્યા મળી ત્યાં શેરડીવાળાઓએ ધંધો ગોઠવી લીધો હતો.(૧૧)

રાજકોટ નજીક ખેતરના વંડામાં દારૂના કટિંગ વખતે જ પોલીસ ત્રાટકી

૩ કારમાંથી ૧૩.૯૧ લાખની દારૂની ૩૧૬૮ બોટલ મળીઃ એક શખ્સની ધરપકડ, ત્રણ ફરાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

રાજસમઢીયાળા ગામની સીમમાં રંગૂન માતા મંદિરના પાસે મોડીરાત્રે ખેતરમાં ત્રણ ફોર વ્હીલમાં દારૂનો જથ્થો દારૂનો કર્ટીંગ કરવાની ચોક્કસ બાતમીના આધારે રાજકોટ શહેર ક્રાઇમ બ્રાંચ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં રાજકોટ કોઠારિયા રોડ આસોપાલવ સોસાયટીના પ્રકાશ ઉર્ફે ચિકીડો જયસુખભાઇ દુધરેજીયાને રૂ.૧૩ લાખ ૯૧ હજારના ૩૧૬૮ બોટલ દારૂ સાથે પકડી પાડ્યો હતો. તેના આધારે દરોડો પાડવામાં આવતાં નાસભાગ મચી ગઇ હતી. પોલીસે પ્રકાશ ઉર્ફ ચિકીડો દુધરેજીયાને પકડી લઇ ત્રણ અલગ અલગ કારમાં ભરેલો દારૂનો જથ્થો રૂ. ૧૩,૯૧,૦૪૦નો તથા રૂ. ૧૫ લાખની ત્રણ કાર મળી કુલ ૨૮,૯૧,૫૪૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

પકડાયેલાની પૂછપરછ કરતા ભાગી ગયેલા શખ્સોમાં રાજુ ઉર્ફે લાલજી ગોરધનભાઇ સરવૈયા અને ભરત તલસાણીયા છે. તેમજ એક અજાણ્યો શખ્સ પણ ભાગી ગયો હતો. જે ૩ શખ્સોએ દારૂનો જથ્થો મંગાવ્યો હોવાની કબૂલાત આપી હતી. જેને લઇને પોલીસે તમામની શોધખોળ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે પકડાયેલા આરોપી પ્રકાશ વિરુદ્ધ અગાઉ ૨૧ જેટલા ગુના નોંધાઇ ચૂક્યા છે.

જે માં પ્રોહિબિશન અને મારામારીના એક ગુનાનો સમાવેશ થાય છે અને વર્ષ ૨૦૧૦માં એક વખત પાસા હેઠળ ગોધરા જેલ ખાતે ધકેલાયો હતો. ઉપરાંત પકડવાના બાકી આરોપીઓ પૈકી રાજુ પણ બે વખત પ્રોહિબિશનના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે. આ સાથે દારૂનો જથ્થો અન્ય કોને કોને આપવાનો હતો એ દિશામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.(૧૧)

રેલવેનું રિઝર્વેશન સપ્તાહ માટે રોજ રાત્રે ૬ કલાક બંધ

શટ ડાઉનની પ્રક્રિયા રાત્રે ૧૧:૩૦થી સવારે ૫:૩૦ વાગ્યા સુધી ચાલશે

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૧૫

રેલવે તેની સિસ્ટમ અપડેટ કરી રહી હોવાથી તેની પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (પીઆરએસ) આગામી ૭ દિવસ સુધી રાત્રે બંધ રાખશે. શટ ડાઉનની આ પ્રક્રિયા રાત્રે ૧૧:૩૦ વાગ્યાથી સવારે ૫:૩૦ વાગ્યા સુધી ચાલશે.

હાલમાં જ દેશભરમાં ૧૭૦૦ સ્પેશિયલ ટ્રેનોને ફરી કોરોના કાળ પૂર્વેની જેમ સામાન્ય ટ્રેન કરવાનો નિર્ણય લેવાયો હતો. વધારાનો દર પણ કેન્સલ કરાયો હતો.

રેલવેએ આ અંગે માહિતી આપતા જણાવ્યું છે કે રાત્રે સિસ્ટમ અપડેટ કરવાનો નિર્ણય લેવાયો છે, કેમ કે રાત્રે પીઆરએસ પર બોજ ઓછો રહે છે. શટ ડાઉન રવિવાર અને સોમવારની મધ્યરાત્રિથી શરૂ થઇને ૭ દિવસ સુધી ચાલશે. અપડેશનની આ પ્રક્રિયામાં રેલવે ટ્રેનોના નંબરની સાથોસાથ પોતાની સિસ્ટમ પણ અપડેટ કરશે. અપડેશનની કામગીરી દરમિયાન પીઆરએસ સેવાઓ ઉપલબ્ધ રહેશે નહીં. તેથી રેલવે મંત્રાલયે પેસેન્જર સર્વિસીસ સુધારવાના પ્રયાસોમાં સહકાર આપવા અપીલ કરી છે.

તંત્રી સ્થાનેથી...

શીતળ લહેરનો આરંભ...

સવારનો તડકો સોનેરી થયો છે ને મીઠો લાગે છે. ચોમાસાનો છેલ્લો પડાવ દક્ષિણ ભારતમાં છે. કેરળથી શરૂ થયેલું ચોમાસુ આ વરસે કેરળમાં જ પૂરું થશે. શિયાળા દરમિયાન ધુમ્મસને લીધે રેલ્વે અને હવાઈ મુસાફરીમાં વિલંબ થવો, ધોરીમાર્ગો ઉપર દુર્ઘટના થવી અને ઠંડીને કારણે છત વિનાના લોકોના મૃત્યુના સમાચાર દરેક વર્ષની પરંપરા બની ગયા છે. આવી દુર્ઘટનાઓ ઉપર કાબુ મેળવવા માટે સરકાર અને સંબંધિત વિભાગો દર વર્ષે થોડા પગલાં ભરે છે પણ જેવી ઠંડી ઓસરે તરત જ પરિસ્થિતિ જૈસે થે થઈ જાય છે., એના પછીના વર્ષે આ જ બધી સમસ્યાઓ ફરીથી આવીને ઉભી રહી જાય છે. હજુ તો શિયાળામાં ધુમ્મસ થવાની શરૂઆત જ માંડ થઈ છે ત્યાં તો ટ્રેનના મોડા પડવાના કે રદ થવાના સમાચારો આવવા લાગ્યા છે. રેલ્વે વિભાગે હમણાં કહ્યું કે લગભગ એકસો જેટલી ટ્રેન મોડી છે. ધરતી પર આમ તો આસમાનમાં પણ કંઈ ફેર નથી. આ જ હાલ વિમાનોના છે.કેટલાક સ્ટ પર વિઝીબિલિટી-દ્રશ્યક્ષમતા સાવ શૂન્ય થઈ જવાના કારણે ટ્રેનની સ્પીડ મંથર થઈ જતી હોય છે. આના પરથી અંદાજ લગાવી શકાય કે મહત્ત્વના કામે નીકળેલા લોકો તેમના ગંતવ્યસ્થાન ઉપર સમયસર પહોંચી ન શકે તો તેઓને કેવડું મોટું નુકસાન થતું હશે. એમાં પણ એડવાન્સ બુકિંગ કરીને ટિકિટ ખરીદનારા મુસાફરોની ટ્રેન સાવ છેલ્લી ઘડીએ કેન્સલ થાય તેમના હાલ કેવા થતા હશે? રેલવે એટલે ભારતની જીવનરેખા. ભારતની વસ્તીનો મોટો ભાગ ધોરીનસ જેવી રેલવે પર નિર્ભર છે. નજીકના અંતરે આવેલા સ્થળો ઉપર તો હજુ ટેક્સી કે બસનો સહારો લઈ શકાય છે પણ જેને સેંકડો કે હજારો કિલોમીટર દૂર જવું હોય એની પાસે રેલવે સિવાય બીજો કોઈ વિકલ્પ નથી હોતો. એમાં પણ જરૂરી કામથી જવું પડે અને ટ્રેન કેન્સલ થાય તો નિરાશા સિવાય બીજું શું સાંપડે ? ફ્લાઈટની મુસાફરી હજુ પણ ભારતમાં બહુ ઓછા લોકોને પોસાઈ શકે એમ છે. મોટાભાગની જનવસ્તીને રેલવેની દયા પર જ જીવવું પડે એમ છે. પણ ફ્લાઈટની નિયમિતતા પણ આબોહવા પર ટકેલી હોય છે માટે તેના પણ વખાણ કરી શકાય એમ નથી. ફ્લાઈટનું છથી આઠ કલાક મોડું થવું એ સામાન્ય બીના બની ગઈ છે. ઘણી વખત ફ્લાઈટ કેન્સલ પણ થાય છે. સમજવું અઘરું પડે છે કે દર વર્ષે એક જ સમસ્યાઓનું પુનરાવર્તન થતું હોય તો તેના નિરાકરણ પ્રત્યે ગંભીરતાથી પગલાં ભરવામાં કેમ નથી આવતા? ધુમ્મસ તો બધા દેશોમાં થાય માટે ફક્ત ભારતના જ ખરાબ હવામાનની સમસ્યા છે એવું નથી. તકલીફ એ છે કે ગાઢ ધુમ્મસમાં પણ ફ્લાઈટ ઉડાડવાનો મહાવરો આપણા પાયલટને નથી હોતો. કારણ કે એવી તાલીમ આપવામાં આવતી નથી. ઘણાં વર્ષ પહેલા સરકારે દાવો કરેલો કે એર ઈન્ડિયન પાયલોટોને શૂન્ય દ્રશ્યક્ષમતા વાળી પરિસ્થિતિમાં ટેકઓફ અને લેન્ડિગ કરવાની તાલીમ આપવામાં આવશે. જો કે આ તાલીમ મોંઘી છે, પણ સરકાર ખર્ચ ઉઠાવવા તૈયાર છે. પણ અત્યારે તો પરિસ્થિતિમાં કંઈ ફરક પડયો નથી. આના કારણે વિદેશી સહેલાણીઓ અને વિદેશની ફ્લાઈટોને તકલીફોનો સામનો કરવો પડે છે. સમય અને પૈસાની બરબાદીનો તો અંદાજ જ લગાવી શકાય એમ નથી. રેલ્વે ટ્રેનોની સ્થિતિ પણ આ જ છે. આજે બધી જ જગ્યાએ કમ્પ્યુટર આવી ગયા છે તો ટ્રેનો પણ કેમ જૂની ટેકનોલોજી મુજબ ચાલે છે એ સમજાતું નથી. ભારત પ્રમાણમાં સમ-આબોહવા ધરાવતો દેશ છે.

વધતા જતાં કેસોની સામે સરકાર રાત્રિ કર્ફ્યુનો સમય વધારી શકે છે

બહારથી આવતા તમામ નાગરિકોના કોરોના ટેસ્ટિંગ માટે કેટલાક વિસ્તારોમાં ડોમ શરૂ કરી દેવામાં આવ્યા

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૧૫

દિવાળીમાં બહાર ફરીને આવેલા નાગરિકો પૈકી કેટલાક કોરોના પોઝિટિવ આવ્યા હતા. મ્યુનિ.એ આ કોરોના સંક્રમિતોના સંપર્કમાં આવેલા લોકોનો ટેસ્ટ કરાવ્યો હતો. આમ કોન્ટેક્ટ ટ્રેસીંગમાં ૧૦ કેસ પકડાયા હતા. દિવાળીની રજાઓ માણી બહારથી આવતા તમામ નાગરિકોના કોરોના ટેસ્ટિંગ માટે કેટલાક વિસ્તારોમાં ડોમ શરૂ કરી દેવામાં આવ્યા છે. એસટી સ્ટેન્ડ, રેલવે સ્ટેશન તેમજ શહેરના એન્ટ્રી પોઈન્ટ પર ટેસ્ટ માટે વ્યવસ્થા કરવામાં આવી છે.

મુખ્ય સચિવ પંકજકુમારે રાજ્યના મ્યુનિસિપલ કમિશનરો તથા જિલ્લા કલેક્ટરો સાથે બેઠક યોજીને એલર્ટ રહેવા સૂચના આપી શહેરોમાં જાહેર સ્થળોએ સ્ક્રીનીંગ તથા બગીચા, બસ સ્ટેશન, એરપોર્ટ અને રેલવે સ્ટેશન સહિતના સ્થળોએ પણ ચેકિંગ કરાશે. તહેવારો બાદ રાજ્યભરમાં કોરોનાના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. કોરોનાના કેસો વધતા ગઈકાલે જ ગાંધીનગરમાં મુખ્ય સચિવ પંકજકુમારે રાજ્યના મ્યુનિસિપલ કમિશનરો તથા જિલ્લા કલેક્ટરો સાથે બેઠક યોજીને એલર્ટ રહેવા સૂચના આપી હતી. એવામાં હવે દૈનિક કેસોમાં ઉછાળો આવતા કેસો વધ્યા તે મહાનગરોમાં રાત્રિ કર્ફ્યૂના સમયમાં પણ વધારો કરી શકાય છે. કોરોનાના કેસમાં ઉછાળો આવતા હવે અમદાવાદ સહિતના મોટા શહેરોમાં ડોમ ઉભા કરી ફરી ટેસ્ટિંગ કરવામાં આવશે. સાથે જ RT-PCR ટેસ્ટમાં પણ વધારો કરવામાં આવી શકે છે. કોરોના વધુ વકરે નહીં તે માટે શહેરોમાં જાહેર સ્થળોએ સ્ક્રીનીંગ કરવા તથા બગીચા, બસ સ્ટેશન, એરપોર્ટ અને રેલવે સ્ટેશન સહિતના સ્થળોએ પણ સઘન ચેકિંગ કરવામાં આવશે. નોંધનીય છે કે અમદાવાદમાં બે દિવસ પહેલાથી જ AMTS, BRTS, બગીચા અને કોર્પોરેશનની તમામ બિલ્ડિંગ-જગ્યામાં પ્રવેશ પહેલા કોવિડ વેક્સિનેશનના સર્ટિફિકેટ તપાસવાની શરૂઆત કરવામાં આવી છે.

ટંકારાના હરીપર ગામે રોગચાળો અટકાવવા ફોગીંગ કરાયુ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

મોરબી તા.૧૫

ટંકારા તાલુકાના હરીપર ગામે મેલેરીયાના કેસો છે તે વધતા હોય રોગચાળો વધતો અટકાવવા યુવા ગ્રુપના યુવાનો દ્વારા ઘરે ઘરે જઈને આખા ગામમાં ફોગીંગ કરાયેલ. મચ્છરો તથા રોગચાળાના જંતુઓનો નાશ કરાયેલ. હરીપર ગામના લોકોએ યુવા ગ્રુપની કામગીરીને બિરદાવેલ.(૯.૧૫)

રોગચાળો અટકાવવા હરીપર ગામના યુવાનો જાગૃત બનેલ છે.

હરીપરમાં ડેંગ્યુ તથા

જસદણના કડુકા ગામે તળાવના કાંઠે જુગાર રમતા ૬ શખ્સો ઝડપાયા

ભાડલા પોલીસે રૂા.૬૩૦૦ની રોકડ કબ્જે કરી ગુનો નોંધ્યો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૫

જિલ્લાના જસદણ તાલુકાના કડુકા ગામના તળાવ પાસે આવેલા હનુમાન મંદિર નજીક ખુલ્લામાં પત્તા ટીંચતા ૬ શખ્સોને ભાડલા પોલીસની ટીમે દબોચી લીધા છે.

મળતી વિગત મુજબ ભાડલા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળતા હેડ કોન્સ્ટેબલ વી. ટી. બાવળીયા અને કોન્સ્ટેબલ સંજયભાઈ રાજપરા સહિતનાઓએ કડુકા ગામે આવેલા તળાવ પાસેના હનુમાનજી મંદિર નજીક દરોડો પાડયો હતો. જ્યાં તળાવ પાસે ગોળ કુંડાળુ વળી તીનપત્તીનો જુગાર રમતા ૬ શખ્સો ઝડપાયા હતા.

પોલીસે હિરા ઘસવાનું કામ કરતા કિશન મુકેશ રાઠોડ (ઉ.વ.૨૨), ખેતીકામ કરતા અનિલ વજુ ચાંવ (ઉ.વ.૨૧), સંજય જેઠા ગોહિલ (ઉ.વ.૩૬), હરેશ ગોવિંદ ગોહિલ, મજૂરી કામ કરતા ભરત ચના ગોહિલ (ઉ.વ.૨૮) (રહે તમામ કડુકા, તા.જસદણ)ને ઝડપી લઈ ગુનો દાખલ કરાયો હતો. જુગારના પટ્ટમાંથી પોલીસે રૂા.૬૩૦૦ની રોકડ જપ્ત કરી છે.(૯.૧૫)

રાજુલા ઇન્દ્રપ્રસ્થ સોસાયટીનાં બંધ મકાનમાથી રૂા.૧.૯૩ લાખની મતાની ચોરી

મકાન માલિક પરિવાર સાથે ભગુડા માતાજીના દર્શને ગયેલા

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમરેલી, તા.૧૫

રાજુલા ગામે ઈન્દ્રપ્રસ્થ સોસાયટીમાં રહેતા એક ઈલેકટ્રીશ્યન પોતાના પરિવાર સાથે માતાજીના દર્શન કરવા ગયેલ ત્યારે કોઈ અજાણ્યા તસ્કરે મકાનનું તાળુતોડી ઘરમાં રાખેલ રોકડ તથા સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂા. ૧,૯૩,૫૦૦ના મુદામાલની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ રાજુલા પોલીસમાં નોંધાઈ છે. આ બનાવમાં રાજુલા ગામે ઈન્દ્રપ્રસ્થ સોસાયટીમાં રહેતા અને ઈલેટ્રીક રિપેરિંગની દુકાન ધરાવતા વિજયભાઈ જાદવભાઈ ટાંકગત તા.૧૧ના સવારે પોતાના ઘરને તાળુ મારી પરિવાર સાથે ભગુડા માતાજીના દર્શન કરવા ગયા હતા.તે દરમિયાન કોઈ અજાણ્યા તસ્કરોએ બંધ રહેણાંક મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડી ઘરમાં પ્રવેશ કરી લોખંડના ટેબલના ખાતામાં રાખેલ રોકડ રકમ રૂા. ૧,૫૦,૦૦૦, કબાટમાં રાખેલ સોનાનો સેટ-૧ કિંમત રૂા. ૩૫,૦૦૦, સોનાની વીંટી નંગ-૧ કિંમત રૂા. ૮,૦૦૦ તથા ચાંદીની કડલી જોડ-૧ કિંમત રૂા.૫૦૦ મળી કુલ રૂા. ૧,૯૩,૫૦૦ની ચોરી કરી લઈ ગયા હતા.

આ ઉપરાંત તે જ વિસ્તારમાં રહેતા વનરાજભાઈ માત્રાભાઈ વાળા તથા કપીલભાઈ દિલુભાઈ ખુમાણના રહેણાંક મકાનના દરવાજાના તાળા તૂટેલ હોવાનું પણ ફરિયાદમાં જણાવ્યું હતું.(૯.૧૫)

અમદાવાદમાં કોવિદ સેમ્પલમાં ડેલ્ટા અને કપ્પા વાઈરસ દેખાયા : ઊંડી તપાસ શરૂ

ભક્તિનગર પો.સ્ટેશનનાં પી.આઈ જે.ડી.ઝાલાનો આજે જન્મદિવસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ: શહેરનાં ભક્તિનગર પોલીસ સ્ટેશનનાં પી.આઈ જે.ડી.ઝાલાનો આજે જન્મદિવસ છે. આજે તેમના જન્મદિવસ પર સગા-સ્નેહીઓ, મિત્રો, પોલીસ અધિકારી- કર્મચારીઓ શુભકામનાઓ પાઠવી રહ્યા છે. પી.આઈ જે.ડી.ઝાલાનાં જન્મદિવસ પર સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી શુભકામનાઓ...

આવતીકાલે રાજકોટમાં સદર બજાર વિસ્તારમાં મોટાપીર સાહેબનું ઝુલુસ નીકળશે

મુસ્લિમ સમાજમાં ભારે ઉત્સાહ, હબીબ કટારીયા આગેવાની લેશે

(અસલમ ફારૂક દ્વારા)

રાજકોટ, તા.૧૫

દર વર્ષની જેમ આ વર્ષે પણ આવતીકાલે મંગળવારે સૌથી મોટા પીર પીરાનેપીર દસ્તગીર સરકાર ગોષેપાકનું ઝુલુસ રાજકોટ ખાતે હઝરત જમાલશા કમાલશા બાપુની દરગાહ મુબારકેથી ઝુલુસ પોતાના રૂટ મુજબ સદર ખાટકીવાસ, ગવલીવાડ, ભીલવાસ ચોક, મોટી ટાંકી ચોક, જીગર પાનવાળી શેરી, સદર નાલા, પરમાર કોર્નર, મોટા બાપુનું અસુરખાનુ, સદર પોલીસ ચોકી, સદર બજાર મેઈન રોડ, ફુલછાબ ચોક, જિલ્લા પંચાયત ચોક, યાજ્ઞીક રોડ થઈને કન્યા છાત્રાલય, છીક્ષા મુબારક બાપાલાલ બા મીનાક્ષિબા રેવર જાડેજા તથા રાજાબા જાડેજાના નિવાસ સ્થાને શાનદાર રીતે પહોંચી સંદલ મુબારક ચડાવશે, ત્યારબાદ મહેદી રોશન થશે.

ત્યારબાદ આશીકાને ન્યાઝે હુસૈન સબીલ કમિટી દ્વારા આમ ન્યાઝ તકસીમ કરવામાં આવશે.

ઝુલુસ હબીબભાઈ ગનીબાપુ કટારીયાની આગેવાનીમાં નીકળશે.

આશીકાને ન્યાઝે હુસૈન સબીલ કમિટી ના આયોજક પ્રમુખ મહેબુબભાઈ અબાભાઈ બેલીમની આગેવાનીમાં ન્યાઝનું ખાસ આયોજન કરવામાં આવશે.(૨.૧૨)

રાજકોટમાંથી અપહરણ થયેલ બાળકી ગોંડલથી મળી આવી

અપહરણ કરનારા શખ્સો ગોંડલની આશાપુરા ચોકડીએ બાળકીને છોડી નાશી છૂટ્યાઃ આજીડેમ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચે અપહરણકારોની શોધખોળ હાથ ધરી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ગોંડલ, તા.૧૫

રાજકોટના માંડા ડુંગર વિસ્તારમાં રહેતી બાળકીનું અપહરણ થતા પોલીસ કામે લાગી હતી. દરમિયાન ગોંડલની આશાપુરા ચોકડી પાસે અપહૃત બાળકી મળી આવતાં પોલીસ તંત્રે રાહતનો શ્વાસ લીધો છે.

પ્રાપ્ત વિગતો રાજકોટના માંડા ડુંગર વિસ્તારમાં રહેતા પરપ્રાંતીય મજૂર પરિવારની ૮ વર્ષની બાળકીનું અપહરણ થતા પોલીસ ફરિયાદ નોંધાતા શહેર અને જિલ્લાભરની પોલીસ શોધખોળના કામે લાગી હતી. બાળકીના ઘરે પોલીસ કાફલો દોડી ગયો હતો. પોલીસ અધિકારીઓ પણ જાત તપાસ માટે પહોંચ્યા હતા અને પરિવારજનોની પૂછપરછ કરી હતી.

દરમિયાન ગોંડલની આશાપુરા ચોકડી પાસે એક બાળકી એકલી ઉભી હોય એક રીક્ષા ચાલક અને જાગૃત નાગરિક દ્વારા મહિલા હેલ્પ લાઈન ૧૮૧ અને પોલીસની ટીમને જાણ કરાતા કાફલો ત્યાં દોડી ગયો હતો.

બાળકીને પ્રથમ ગોંડલ સિટી પોલીસ મથકે લાવવામાં આવી હતી. જ્યાં તેનું મહિલા પોલીસ કર્મચારીઓ અને અભયમ ટીમના કાઉન્સિલરોએ કાઉન્સિલિંગ કરતા કોઈ ખાસ માહિતી મળી નહોતી, જેથી ગોંડલ પોલીસે સોશિયલ મીડિયા મારફત બાળકીનો ફોટો જુદા - જુદા પોલીસ ગ્રુપમાં ફોરવર્ડ કર્યો હતો. જે બાદ રાજકોટમાં બાળકીના પરિવારજનોને ગોંડલમાં મળેલી બાળકીનો ફોટો બતાવતા તેને ઓળખી કાઢી હતી અને અપહરણ થનાર બાળકી જ હોવાનું જાણવા મળતા રાજકોટ ક્રાઈમ બ્રાન્ચની ટીમ પરિવારના સભ્ય સાથે ગોંડલ દોડી ગઈ હતી અને બાળકીનો કબ્જો લઈ રાજકોટ હેમખેમ તેના ઘરે પહોંચાડી દીધી હતી.

આ તકે પોલીસ તંત્રે જણાવ્યું હતું કે, અપહરણકર્તાઓ બાળકીને આશાપુરા ચોકડી છોડીને નાસી ગયા હતા. આ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ૫ દિવસ પહેલા જ અપહૃત બાળકીના ઘર પાસે રહેવા આવેલા બિહારી શખ્સ દ્વારા જ અપહરણ કરવામાં આવ્યું હોવાની પોલીસને શંકા છે. હાલ વધુ બનાવ અંગે માસુમ બાળકી જણાવી શકતી નથી. જેથી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.(૯.૧૩)

રાજકોટ મા.યાર્ડમાં સત્તા માટે વારસદારો માટે લોબિંગ શરૂ

નવી સરકારની જેમ સહકારી ક્ષેત્રમાં પણ યુવાનોને આગળ કરવામાં આવશે કે પછી સિનિયર તેમજ અનુભવીને યાર્ડની કમાન આપવામાં આવશે?

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

રાજકોટ માર્કેટ યાર્ડમાં ગત ૬ ઓક્ટોબરના રોજ ચૂંટણી પરિણામ જાહેર થયું હતું. જેમાં ભાજપ પ્રેરિત પેનલની જીત થતા હવે ચેરમેન અને વાઈસ ચેરમેનની નિમણૂંક કરવામાં આવશે. ચૂંટણી પુરી થયા બાદ એક મહિના અંદર રાજકોટ માર્કેટ યાર્ડના નવા ચેરમેન અને વાઈસ ચેરમેનની નિમણૂંક કરવામાં આવશે તેવા સકેતો હતા. પરંતુ નવા ચેરમેન કોણ એ અંગે મૂંઝવણ થતા હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ નવેમ્બર મહિનાના અંતમાં યાર્ડના હોદ્દેદારોની ચૂંટણી યોજાઈ તેવી શક્યતા છે. આ વર્ષે રાજકોટ માર્કેટ યાર્ડની ચૂંટણીમાં કુલ ૧૬ બેઠક પૈકી ૧૪ બેઠકમાં ચૂંટણી થઈ હતી. જ્યારે બે બેઠક બિનહરિફ થઈ હતી. ચૂંટણીમાં કુલ ૧૬ બેઠક પૈકી વેપારી વિભાગની ૧ બેઠક બાદ કરતા તમામ ૧૫ બેઠક પર ભાજપ પ્રેરિત ઉમેદવારની જીત થઈ છે જે પૈકી ૨ ઉમેદવાર બિનહરિફ ચૂંટાયા હતા. હાલ રાજકોટ બેડી માર્કેટ યાર્ડના ચેરમેન વાઈસ ચેરમેન માટે લોબિંગ શરૂ થયા છે. જેમાં ચેરમેન પદ માટે જો સિનિયર અને અનુભવીની પસંદગી કરવામાં આવે તો તેમાં પરસોતમ સાવલિયાનું નામ મોખરે ચાલી રહ્યું છે. જેનું મુખ્ય કારણ છે કે તેઓ વર્ષોથી સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલા છે અને અનુભવ પણ ધરાવી રહ્યા છે.

ભૂતકાળમાં તેઓએ ખેડૂત નેતા વિઠ્ઠલ રાદડિયાને હરાવી યાર્ડની ચૂંટણીમાં જીત મેળવી હતી. ઉલ્લેખનીય છે કે રાજકોટ જિલ્લાના ૫ માર્કેટ યાર્ડની ચૂંટણી બિનહરીફ કરવા જવાબદારી પૂર્વ કેબિનેટ મંત્રી જયેશ રાદડિયાને સોંપવામાં આવી હતી. જોકે તમામ યાર્ડની ચૂંટણી બિનહરિફ થઇ નહોતી. પરંતુ ભાજપ પ્રેરિત પેનલની બહુમતીથી જંગી મતે જીત થતા પ્રદેશ મવડી મંડળ દ્વારા જયેશ રાદડિયા સાથે ચર્ચા કરી ચેરમેન વાઈસ ચેરમેન અંગે નિર્ણય કરવામાં આવે તેવી શક્યતા સેવાય રહી છે. રાજકોટ જિલ્લાના ૫ યાર્ડની ચૂંટણી પૈકી જેતપુર અને જામકંડોરણા યાર્ડમાં બિનહરિફ ચૂંટણી થઇ. જ્યારે ધોરાજી, રાજકોટ અને ગોંડલ યાર્ડમાં ચૂંટણી થતા તમામમાં ભાજપ પ્રેરિત પેનલની જીત થઈ છે.રાજકોટ માર્કેટ યાર્ડની ચૂંટણીમાં ભાજપ પ્રેરિત પેનલની જીત બાદ યાર્ડના નવા ચેરમેન અને વાઈસ ચેરમેન પદ માટે લોબિંગ શરૂ થયા છે.

ભાજપ દ્વારા સહકારી ક્ષેત્રમાં પણ હવે નો રિપીટ થિયરી અપનાવી પરસોતમ સાવલિયાને બાદ કરતા તમામ નવા ચહેરા મેદાને ઉતારવામાં આવ્યા છે અને હવે નવી સરકારની જેમ સહકારી ક્ષેત્રમાં પણ યુવાનોને આગળ કરવામાં આવશે કે પછી સિનિયર તેમજ અનુભવીને યાર્ડની કમાન આપવામાં આવશે તે અંગે રાજકીય ખટપટ સહકારી ક્ષેત્રમાં ચાલી રહી છે.

અને કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

વાચકોએ નોંધ લેવી

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી

PACKAGINGHUB
प्रोडकट आपका, सजावट हमारी ।
Hitesh Kakadia | 93777 75636
6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003
www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

પૈસાના વાકે રાજયમાં વિકાસ કામો નહીં અટકેઃ મંત્રી મોરડીયા

વાવડીમાં ૯.૪૦ કરોડના ખર્ચે વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

મહાનગરપાલિકા દ્વારા વાવડી વિસ્તારમાં હાથ ધરવામાં આવેલા કુલ રૂ.૯.૪૦ કરોડના વિકાસ કામોનું તા.૧૪ ના રોજ રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી વિનોદભાઈ મોરડીયા (રા.ક.)ના વરદ હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

મંત્રી વિનોદભાઈ મોરડીયાએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કહ્યું હતું કે, સૌરાષ્ટ્રની રાજધાની સમું રાજકોટ શહેર ખુબ જ ઝડપથી વિકસી રહયું છે. પૈસાના વાકે રાજ્યમાં કોઈ વિકાસ કામો અટકશે નહીં. સરકાર વિકાસ પ્રક્રિયાને આગળ ધપાવવા માટે ખુબ જ સક્રિય છે અને લોકોને સ્પર્શતા વિકાસ કામોની ફાઈલો નિર્ણય અર્થે તંત્ર રજુ કરે તે ફાઈલોને સરકાર તાત્કાલિકપણે મંજુર કરશે.

તેમણે વધુમાં એમ પણ કહ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને સૂચનાથી મંત્રીઓ રાજ્યભરમાં પ્રવાસ કરી, લોકોના પ્રશ્નો અને જરૂરિયાતો વિશે રૂબરૂ જાણકારી પ્રાપ્ત કરી રહ્યા છે અને આવશ્યક એવા તમામ કામો આગળ ધપાવી રહ્યા છે. રાજકોટ રંગીલું શહેર તરીકે જાણીતું છે. આ શહેર તમામ ક્ષેત્રે ખુબ ઝડપભેર પ્રગતિ કરી રહ્યું છે. રાજકોટના વિકાસમાં ઉદ્યોગોનું પણ મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે ત્યારે ઉદ્યોગોની જરૂરિયાત મુજબના વિકાસ કામો પણ થાય તે ખુબ જ જરૂરી છે અને ઉદ્યોગોનો તે અધિકાર પણ છે.

વોર્ડ નં.૧૨માં વાવડી વિસ્તાનરના રસુલપરા, કાંગશીયાળી રોડને પેવર કાર્પેટ કરવાનું કામ રૂ.૨.૭૩ કરોડના ખર્ચે, ગોંડલ રોડ ક્રિષ્ના પાર્કથી વાવડી ગેઇટ તરફના ૧૮.૦૦ મી. ટી.પી. રોડને પેવર કાર્પેટ કરવાનું કામ રૂ.૨.૫૪ કરોડના ખર્ચે, ફાલ્કન પંપ રોડથી સત્યનારાયણ વે બ્રીજ તરફના રસ્તાને પેવર કાર્પેટ કરવાનું કામ રૂ.૧.૧૨ કરોડના ખર્ચે, વાવડી વિસ્તારમાં ગોપાલ હોટલથી ગોંડલ રોડને જોડતા રસ્તાવને પેવર કાર્પેટ કરવાનું કામ રૂ. ૨.૦૫ કરોડના ખર્ચે તેમજ ગોંડલ રોડ ટાટા શો-રૂમ થી પુનમ ડમ્પર તરફના ૧૫.૦૦ મી. ડી.પી. રોડને રૂ. ૦.૯૬ કરોડના ખર્ચે પેવર કાર્પેટ કરવાના કામનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર ડો.પ્રદિપ ડવ ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરીયા, શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, ડે. મેયર ડો. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરા, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા, બાંધકામ સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલ,વાઇસ ચેરમેન બીપીનભાઈ બેરા, ડેપ્યુટી કમિશનરો આશિષ કુમાર, ચેતન નંદાણી, એ. આર.સિંહ, મ્યુનિસિપલ સેક્રેટરી ડો.એચ. પી. રૂપારેલીઆ, સિટી એન્જી. કે. એસ. ગોહેલ, બી.ડી.જીવાણી, આસી. કમિશનર એચ. કે. કગથરા, એચ.આર. પટેલ, પર્યાવરણ ઈજનેર નિલેશ પરમાર, પી.એ.ટુ કમિશનર એન.કે.રામાનુજ, ડાયરેક્ટર પાર્ક્સ એન્ડ ગાર્ડન્સ એલ.જે.ચૌહાણ, આસિ.મેનેજર અમિત ચોલેરા વોર્ડ નં.૧૨ના કોર્પોરેટરો મગનભાઈ સોરઠીયા, મિતલબેન લાઠીયા અને અસ્મિતાબેન દેલવાડિયા, વોર્ડ પ્રમુખ રસિકભાઈ કાવઠીયા તથા મહામંત્રી દશરથસિંહ જાડેજા, મનસુખભાઇ વેકરીયા,શહેર ભાજપ વ્યાપાર સેલ કન્વીનર નરશીભાઈ કાકડિયા તથા યોગરાજસિંહ જાડેજા, ધર્મેશભાઈ ડોડીયા, કિરણબેન હરસોડા, કંચનબેન સિદ્ધપુરા, વોર્ડના આગેવાનો તેમજ જુદા જુદા ઔદ્યોગિક એસોસીએશનોના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ, મ્યુનિ. કમિશનર, શહેર ભાજપની ટીમ, વોર્ડ નં.૧૨ના કોર્પોરેટરઓ, વોર્ડ નં. ૧૨ની ભાજપની ટીમ તેમજ વાવડી ઇન્ડસ્ટ્રીયલ ઝોન એસોસિએશનના પ્રમુખ હસુભાઈ સોરઠીયા, ઉપપ્રમુખ દિનેશભાઈ, મંત્રી ધર્મેશભાઈ વાડોદરીયા તથા હોદેદારોએ, તેમજ શાપર-વેરાવળ ઇન્ડસ્ટ્રીઝ એસો.ના પ્રમુખ કિશોરભાઈ ટીલાળા તથા ટીમ, હડમતાળા ઇન્ડસ્ટ્રીયલ એસો.ના રમેશભાઈ અને પ્રવિણભાઈ, તિરૂપતી ઇન્ડસ્ટ્રીઝ એસો., લઘુ ઉદ્યોગ ભારતી પ્રમુખ જયભાઈ માવાણી,લોઠડા પડવલા એસો.ના પ્રમુખ જયંતિભાઈ સરધારા, ફાલ્કન ગ્રુપના ધીરૂભાઈ સુવાગીયા અને કમલભાઈ એન. સોજીત્રા, ક્રિચ ગ્રુપના ચીનુભાઈ હપાણી, પ્રશાંત કાસ્ટિંગના શંભુભાઈ પરસાણા, ક્રિષ્ના પાર્કના સુરેશભાઈ કણસાગરા, સુપર પોલીકાસ્ટ પ્રા.લિ.ના શૈલેષભાઈ, રોલેક્ષ રિંગ લિ.ના મનીષભાઈ, વાવડીના વનરાજસિંહ જાડેજા, વાવડી ઇન્ડસ્ટ્રીઝ એસો.ના કારોબારી સભ્યો વિ. દ્વારા રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી વિનોદભાઈ મોરડીયા (રા.ક)નું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓનું વાવડી ઇન્ડસ્ટ્રીઝ એસો.ના હોદેદારો દ્વારા મોમેન્ટો આપી, સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને અંતે આભાર વિધિ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલે કરી હતી.(૧.૧૬)

બગસરા, ધારી ડેપોની વાયા વડિયા બસો નિયમિત કરવા માંગ

(કિરીટ જોટવા દ્વારા)

વડિયા, તા.૧૫

અમરેલી જિલ્લા ના છેવાડા ના તાલુકા મથક એવા વડિયા ત્રણ જિલ્લા ની સરહદે આવેલો તાલુકો છે. વડિયા વિસ્તારના લોકો રાજકોટ, શાપર,ગોંડલ જેવા સેન્ટરો ખરીદી અને ધંધા રોજગાર માટે એસટી બસનો સહારો લે છે. તો કેટલાય લોકો શાપર ના ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં રોજગારી માટે અપડાઉન પણ કરે છે.

ત્યારે ધારી અને બગસરા ડેપોની રાજકોટ રૂટની બસો જે વાયા વડિયા થઇ ચલાવવામાં આવે છે. તે વારંવાર અનિયમિત અને જાણ કર્યા વગર રૂટ કેન્સલ તો ક્યારેક સંપૂર્ણ બંધ કરી રીતે ચાલે છે. તેના કારણે આ બસો માં મુસાફરી કરતા લોકોને હાલાકી પડી રહી હોય.

ડેપો મેનેજરને કરાઈ રજૂઆત

આ બાબતે વડિયાના સરપંચ રમાબેન, ઉપ સરપંચ છગન ઢોલરીયા, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષ ઠુંમ્મર, તાલુકા પંચાયત સદસ્ય પ્રતિનિધિ તુષાર ગણાત્રા સહિતના લોકોએ લેખિતમાં ડેપોમેનેજરને રજૂઆત કરી છે.

સરકાર અને એસ.ટી વિભાગ દ્વારા આ રૂટો બાબતે યોગ્ય હકારાત્મક નિર્ણય કરવામાં આવે તો અનેક લોકોની મુશ્કેલીઓ દૂર થઇ શકે તેમ છે. સાથે એસટી વિભાગની આવકમાં પણ વધારો થઇ શકે એમ છે.ત્યારે આ રૂટોને નિયમિત કરવાની લોકમાંગણી પણ જોવા મળી રહી છે.(૧.૧૬)

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજને ચાંદીના દિવ્ય વાઘા, ફુલોનો શણગાર કરાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) સાળંગપુરઃ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજને ગત શનિવારે પૂજારી સ્વામી દ્વારા શ્રી કષ્ટભંજનદેવને ચાંદીના દિવ્ય વાઘા કુલોનો શણગાર કરવામાં આવેલ. મંગળા આરતીપ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) તથા શણગાર આરતી કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવેલ. પ્રદિપસિંહ જાડેજા શ્રી કષ્ટભંજનદેવ દાદાના દર્શને પધારી પૂજન-અર્ચન કરી ધ્વજા ચઢાવીને પ.પૂ.કોઠારી શ્રી વિવેકસાગરદાસજી તથા શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) ના આશીર્વાદ ગ્રહણ કર્યા હતા. મંદિરની યજ્ઞશાળામાં માતૃતિયજ્ઞનું આયોજન કરવામાં આવેલ. હજારો ભકતોએ આ અનેરા દર્શન તથા મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ.(૧.૧૬)

કર્ણાટકના પૂર્વ રાજયપાલ વજુભાઈ વાળાની શુભેચ્છા મુલાકાત લેતા મંત્રી મોરડીયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટઃ રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી વિનોદભાઈ મોરડીયાએ કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળાના નિવાસસ્થાને શુભેચ્છા મુલાકાત લઈ, તેમના આશીર્વાદ મેળવેલ. બાદમાં, વજુભાઈ વાળા સાથે વિનોદભાઈ મોરડીયાએ વિચારગોષ્ઠિ પણ કરેલ. તેઓની આ મુલાકાત દરમ્યાન મેયર ડો.પ્રદિપ ડવ, રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરીયા ધારાસભ્યઓ ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, મહાનગરપાલિકાના એડી.સીટી. એન્જીનિયર એમ.આર.કામલીયા તેઓની સાથે ઉપસ્થિત રહ્યા હતા.(૧.૧૬)

ગુજરાતી લોકગાયક કિર્તીદાન ગઢવીને ખાસ એવોર્ડ અર્પણ કરતા અમેરિકાના ડેલાવરના ડે.ગર્વનર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫ઃ યુએસએમાં ૨૫ જેટલા શો પૂર્ણ કરનાર ગુજરાતી લોકગાયક કિર્તીદાન ગઢવીને અમેરિકાના ડેલાવરના ડે.ગવર્નરએ ખાસ એવોર્ડ અર્પણ કર્યો હતો. ગુજરાતી ગરબા, લોકસંગીત અને લોકસાહિત્યમાં વિદેશમાં વસતા ગુજરાતીઓને ડોલાવી રહ્યા છે ત્યારે કિર્તીદાન ગઢવીની કીર્તિમાં વધુ એક કિર્તી વિદેશની ભૂમિ પર પ્રસરી છે. કિર્તીદાન ગઢવીએ 'લાડલી' નું ફેમસ સોંગ રજૂ કરતા અમેરિકાના ડેલાવરના ડે.ગર્વનર સોંગ સાંભળી મંત્રમુગ્ધ થયા હતા.(૧.૧૬)

હળવદઃ સતવારા કન્યા છાત્રાલયના લાભાર્થે ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

હળવદ, તા.૧૫

હળવદ માર્કેટિંગ યાર્ડ સામે ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે સિધ્ધનાથ પ્રીમિયમ લીગ ક્રિકેટ ટુર્નામેન્ટ સતવારા કન્યા છાત્રાલય રાજકોટના લાભાર્થે બે દિવસીય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતુ. બે દિવસીય એસપીએલ માં જેમાં સૌરાષ્ટ્ર કચ્છ ગુજરાત માં થી ૧૨ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. એસપીએલ લીગ મેચમાં વિજેતા ટીમને પુરસ્કાર તેમજ ટ્રોફી એનાયત કરવામાં આવશે અને રનસેપ ટોફી, રોકડ, બેસ્ટ બોલર, બેસ્ટ મેન વગેરે ઈનામોથી ખેલાડીઓને પ્રોત્સાહિત કરવામાં આવશે. આ ટુર્નામેન્ટને સફળ બનાવવા દિનેશભાઈ દલવાડી, પ્રવિણભાઈ કણજારીયા, શનિ દલવાડી, વિનોદ દલવાડી સહિતના મિત્રો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.(૧.૧૬)

જસદણઃ સ્વચ્છ વ્યસન મુકત ભારત માટે વડોદરાની તરૂણી સાયકલીસ્ટનું સન્માન

(હુસામુદ્દીન કપાસ દ્વારા)

જસદણ, તા.૧૫

સ્વચ્છતાથી એકતા તરફ અને વ્યસનમુક્ત ભારતના દ્રઢ સંકલ્પ સાથે વડોદરાની નવમાં ધોરણ અભ્યાસ કરતી ૧૩ વર્ષની તરૂણી સમીધા કલ્પેશભાઈ પટેલે ૫૪૭ કિલોમીટરની સાઈકલ યાત્રા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત આ સાયકલીસ્ટ સમીધા પટેલે પોરબંદર કીર્તિમંદિરથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સાયકલ યાત્રા પર નીકળ્યા છે.

ત્યારે જસદણ સાયકલ ક્લબ દ્વારા સાયકલીસ્ટ સમીધાબેન કલ્પેશભાઈ પટેલ (૧૩ વર્ષ) નું જસદણ સાયકલ ક્લબ વતી યોગેશ સખીયા, મનીષભાઈ મેવાસીયા, ડો.મયુરભાઈ ભુવા, અલ્પેશભાઈ માલસણા, દ્વારા ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યુ હતું. રવિવારે વહેલી સવારે જસદણ સાયકલ ક્લબના ત્રણ સભ્યોએ જસદણથી ૧૦ કિલોમીટર સુધી સાથે સાયકલ ચલાવીને સમીધાબેનનો ઉત્સાહ વધારી વિદાય આપવામાં આવી.(૧.૧૬)

જસદણ ગોવર્ધનનાથજી હવેલીમાં કાલે ૩૩ મો પાટોત્સવ યોજાશે

નંદ મહોત્સવ, આરતી, મહાપ્રસાદનું આયોજન

(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૧૫

સૌરાષ્ટ્રમાં શ્રીનાથજીના તીર્થ તરીકે પ્રસિદ્ધ જસદણની પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયની શ્રી ગોવર્ધનનાથજી ની તથા શ્રી બાલકૃષ્ણ લાલજીની હવેલીમાં કાલે મંગળવારના રોજ શ્રી ગોવર્ધનનાથજીનો તેત્રીસમો પાટોત્સવ ભવ્યતાથી ઉજવાશે. જસદણની પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ ટ્રસ્ટ સંચાલિત શ્રી ગોવર્ધનનાથજી હવેલીમાં તારીખ ૧૬-૧૧ ને મંગળવારના રોજ જસદણ હવેલીમાં બિરાજમાન શ્રી ગોવર્ધનનાથજીના ૩૩માં પાટોત્સવ પ્રસંગે બપોરે ૧૧-૩૦ થી ૧૨-૩૦ દરમિયાન નંદ મહોત્સવ, કીર્તન, ગોવર્ધનનાથજીને તિલક દર્શન, આરતી વગેરે યોજાશે. રાજભોગ દર્શન બાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. જસદણ હવેલીના પ્રમુખ કિરીટભાઈ પટેલ, ટ્રસ્ટીઓ ભરતભાઈ ધારૈયા, ભરતભાઈ જનાણી, હસુભાઈ ગાંધી, બટુકભાઈ તન્ના, ઉપપ્રમુખ ચંદ્રકાંતભાઈ બાબરીયા અને કમલેશભાઈ ચોલેરા, મંત્રી ધર્મેશભાઈ કલ્યાણી, સહમંત્રીઓ નિલેશભાઈ રાઠોડ તથા સાગરભાઇ દોશી, ખજાનચી ચંદુભાઈ વડોદરીયા અને આમંત્રિત ટ્રસ્ટી મંડળના અશોકભાઈ મહેતા, કિશોરભાઈ ગઢવી, ચંદુભાઈ ગોટી, રમેશભાઈ ગોલ્ડન ચા, સંજયભાઈ સખીયા તેમજ કમિટીના નીતિનભાઇ ભાડલિયા, જયકાન્તભાઈ છાટબાર, કિરીટભાઈ મણિયાર, જીતુભાઈ ઠક્કર હવેલીના મેનેજર દિનેશભાઈ ચાંવ સહિતનાં લોકો જહેમત ઉઠાવી રહ્યા છે.(૧.૧૬)

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

મોરબીમાંથી ૬૦૦ કરોડનું હેરોઈન ઝડપાયું

નેટવર્ક ગોઠવવામાં આવ્યું છે. દરમ્યાન સ્થાનિક પોલીસ અને એટીએસને એવી સચોટ બાતમી મળી હતી કે મોરબી પાસે ઝીંઝુડા ગામમાં કેટલાક શખ્સો ડ્રગ્સની હેરાફેરીમાં સંડોવાયા છે. માહિતીની ખરાઈ કર્યા બાદ પોલીસે ઓપરેશન હાથ ધર્યું હતું અને રવિવારે મધરાત્રે દરોડો પાડ્યો હતો. સવારે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ટવીટ કરીને મોરબી જિલ્લાનાં ઝીંઝુડામાંથી જંગી જથ્થો ઝડપાયાની માહિતી આપી હતી. એમણે જણાવ્યા મુજબ અમદાવાદ એટીએસ, મોરબી પોલીસ અને સ્થાનિક પોલીસ દ્વારા સંયુક્ત ઓપરેશન કરીને જંગી જથ્થામાં હેરોઈન પકડી લેવાયું છે અને ત્રણ આરોપીઓને પણ ઝડપી લેવાયા છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી હજુ એક સમાહ પહેલા જ કરોડો રૂપિયાનો જથ્થો પકડાયો હતો. દ્વારકામાંથી પકડાયેલા આરોપીની પુછપરછ પોલીસને સલાયા ગામ દોરી ગઈ હતી અને ત્યાંથી પણ બે કુખ્યાત શખ્સોને ડ્રગ્સનાં વધુ જંગી જથ્થા સાથે પકડી લેવામાં આવ્યા હતા. એક જ અઠવાડિયા બાદ પોલીસે પ્રામ બાતમીનાં આધારે નવલખી પોર્ટ પાસેનાં ઝીંઝુડા ગામમાંથી રૂ. ૬૦૦ કરોડનો હેરોઈનનો જથ્થો પકડી લીધો છે. પ્રારંભિક તપાસમાં એવો ચોકાવનારો ખોલાસો થયો છે કે, સૌરાષ્ટ્રનાં દરિયાકાંઠેથી પાકિસ્તાન સ્થિત ટોળકી દ્વારા હેરોઈનનો આ જથ્થો માળીયામિયાણા થઇને ઝીંઝુડા આવ્યો હતો. પાકિસ્તાનમાંથી દરિયા માર્ગે માદક પદાર્થોનો જથ્થો ગુજરાત સહિત અનેક રાજ્યોમાં ઘુસાડવામાં આવી રહ્યો છે. મોરબી માળીયા પંથકમાં નવી ડ્રગ પેડલર ગેંગ ઉભી થઇ ગઈ હોવાની શંકા છે. પોલીસનાં સુત્રોએ જણાવ્યા મુજબ રાજ્યમાં એટીએસ દ્વારા સ્થાનિક પોલીસની મદદથી બાતમીદારોનું મોટું નેટવર્ક ગોઠવવામાં આવ્યું છે. દરમ્યાન સ્થાનિક પોલીસ અને એટીએસને એવી સચોટ બાતમી મળી હતી કે મોરબી પાસે ઝીંઝુડા ગામમાં કેટલાક શખ્સો ડ્રગ્સની હેરાફેરીમાં સંડોવાયા છે. માહિતીની ખરાઈ કર્યા બાદ પોલીસે ઓપરેશન હાથ ધર્યું હતું અને રવિવારે મધરાત્રે દરોડો પાડ્યો હતો. ડીજીપી ભાટીયાએ જાહેર કર્યું હતું કે ડ્રગ્સનો મોટો જથ્થો આફ્રિકા મોકલવાનો હતો. પરંતુ બાદમાં પાકિસ્તાનથી દરિયા માર્ગે તમામ જથ્થો ગુજરાત લાવવામાં આવ્યો હતો. ગુજરાતનાં માર્ગે થઈને ડ્રગ્સનો જથ્થો વિદેશમાં પણ મોકલવામાં આવી રહ્યો છે. દ્વારકામાં દરિયા કિનારે ડ્રગ્સનો જથ્થો છપાવી દેવાયો હતો. તેમણે ઉમેર્યું હતું કે વિદેશમાં ડ્રગ્સ મોકલવા ભારતનોન ટ્રાનઝીટ પોઈન્ટ તરીકે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ઝીંઝુડામાં ત્રણ શખ્સો ઝડપાયા છે અને બે ની શોધખોળ ચાલી રહી છે. ત્રણ પૈકીનો એક ગુલામ હુશેન ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. સ્થાનિક લોકો નાણાંની લાલચમાં આવીને ડ્રગ્સની હેરફેર કરી રહ્યા છે. દરિયાઈ સુરક્ષા વધારવા માટે સરકાર સઘન પગલા લઇ રહી છે.(૨.૧૨)

દેશમાં અમીર અને ગરીબ વચ્ચેની ખાઈ વાસ્તવિકતા છેઃ મુખ્ય ન્યાયમૂર્તિ

હતું કે, સ્વતંત્ર, નિષ્પક્ષઅને મજબુત જિલ્લા ન્યાયતંત્ર વ્યવસ્થા એ સમગ્ર પણે તંદુરસ્ત ન્યાયતંત્ર માટેનું આવશ્યક માપદંડ છે. કોઈ મહિલા મુશ્કેલીમાં હોય, બાળકને મદદની જરૂર હોય અને કોઈની ગેરકાયદે અટકાયત થઇ હોય તો તરત સ્થાનિક અદાલતનો સંપર્ક કરે છે. જરૂરીયાત મંદોને ઝડપથી ન્યાય મળે અને સમયસર મદદ પહોંચે તો જ ન્યાયતંત્ર તંદુરસ્ત અને કામયાબ બની શકાય. એ માટે સુઘડો વસ્ત્રો પહેરેલા, ફટાફટ ઝડપી દલીલો કરતા વકીલો અને આધુનિક ઈમારતો કરતા આજે અરજદારને એમની યાત્રાનો જલ્દી અંત આવે તેની વધુ અપેક્ષા હોય છે.(૨.૧૨)

દેશભરમાં કંગના રાણાવતનો પદ્મશ્રી એવોર્ડ પાછો લેવા ચોમેર માંગણી

૧૮૫૭ નો બળવો ખિલાફત ચળવળ, ભારત છોડો ચળવળ અને દાંડીયાત્રા એ તમામ આઝાદી જંગનાં સોનેરી પ્રકરણ છે. એ તમામને હલકા ચીતરીને કંગનાએ એમનું અપમાન કર્યું છે. તેના આ વિધાનો અવિચારી અને સંવેદના વગરનાં છે. આપણે જલિયાવાલા બાગને કઈ રીતે ભૂલી શકી. દરમ્યાન યુવા કોંગ્રેસ દ્વારા કંગનાને ડહાપણ આવે એ રીતે હવનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય પક્ષોએ પણ કંગનાનાં વિધાનો વખોડી કાઢ્યા છે. ગાંધી અને ભગતસીંઘની આઝાદી લડાઈને મઝાક માનતી આ મહિલાને પુરસ્કાર નહીં પણ ઈલાજની જરૂર છે. એવી ટકોર તમામ વર્ગમાંથી થઇ રહી છે.(૨.૧૨)

સક્ષમ શાસનની મોદી સ્ટાઈલ, મંત્રી મંડળનું આઠ ભાગમાં વિભાજન

એક કેન્દ્રીયમંત્રી સંભાળશે. સરકારની તમામ મહત્વની યોજનાઓ અને અમલીકરણ પર નજર રાખવામાં આવશે. તે માટે દરેક મંત્રીઓ પાસે એક પોર્ટલ રહેશે. દરેક મંત્રીઓ દ્વારા લેવાતા નિર્ણયો, બેઠકોમાં થતી ચર્ચાઓ અને સંચાલન અંગેની તમામ વિગતો દરેક વ્યક્તિઓનાં ડેશ બોર્ડ પર જોઈ શકાશે. દરેક રાજ્ય, જિલ્લા અને મંત્રીઓની વિગતો અને કામગીરી એક સ્થળે જોઈ શકાશે. તમામ મંત્રાલયો વચ્ચે સંકલન જળવાય અને પ્રોજેક્ટની તમામ વિગતોની આપ-લે થતી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. મોદીએ ગુજરાતનાં એમના મુખ્યમંત્રી પદના કાર્યકાળ દરમ્યાન યોજાતી ટીફીન બેઠકોનાં આધારે ચિંતન શિબિરોનું આયોજન કર્યું હતું.(૨.૧૨)

હવે તો હદ થઇ! ગાંજાની હેરફેર માટે એમેઝોનનો આબાદ ઉપયોગ

કાઢનાર ગ્વાલિયરનાં સુરજ ઉર્ફે કલ્લુ પાવૈયા તથા ભીંડ જિલ્લાનાં પીન્ટુ ઉર્ફે બ્રિજેન્દ્રસીંઘ તોમરની પોલીસે ધરપકડ કરી લીધી હતી અને ૨૦ કિલો ગાંજાનો જથ્થો પણ કબ્જે લીધો હતો તેમ ભીંડનાં પોલીસ વડા મનોજકુમાર સીંઘે જણાવ્યું હતું. આ રીતે ડ્રગ્સની હેરફેર કરનારા ગઠીયાઓએ વિશ્વનાં સૌથી સમૃધ્ધ ધનપતિની કંપનીને મોટું કલંક લગાડી દીધું છે. આ ટોળકીનાં ત્રીજા સાગરિકને પોલીસે હરિદ્વારથી દબોચી લીધો હતો. એમેઝોન કંપનીને આ ટોળકી એવું કહેતી હતી કે બોક્ષમાં ઔષધીય દવાઓ ભરેલી છે અને જુદા-જુદા રોગ માટે ઔષધીનાં પાંદડા ભરેલા છે. કૌભાંડનાં મુખ્ય સૂત્રધાર સુરજે એક પોર્ટલનો બારકોડ પણ ઉભો કરી દીધો હતો અને એમેઝોન કંપનીને ઉલ્લુ બનાવી હતી.(૨.૧૨)

શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા વિસ્તૃત કારોબારી યોજાઈ

તમામ વોર્ડમાં બુથ વાઈઝ સભ્ય નોંધણી ઝુંબેશ શરૂ કરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાના માર્ગદર્શન હેઠળ સમગ્ર ગુજરાતમાં સભ્ય નોંધણી ઝુંબેશ અને જન જાગરણ અભિયાન શરૂ કરવામાં આવેલ છે જેના ભાગરૂપે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા રવિવારે નાગર બોર્ડીંગ ખાતે વિસ્તૃત કારોબારી બેઠક યોજવામાં આવેલ હતી.

આ કારોબારી બેઠકમાં શહેર કોંગ્રેસ સમિતિના પ્રભારી શૈલેશભાઈ પરમાર (ધારાસભ્ય), નીશીતભાઈ વ્યાસ (AICC-ડેલીગેટ) હાજર રહ્યા હતા. આ વિસ્તૃત કારોબારીમાં બંને પ્રભારીઓએ જણાવ્યું હતું કે ગુજરાતની પ્રજા અને સમગ્ર ભારતની પ્રજા આજે મોંઘવારી થી ત્રાહિમામ પોકારી ગઈ છે ત્યારે જન જાગરણ અભિયાન સાથે લોકોના પ્રશ્નોની સાથે રહી મોંઘવારી દુર કરવા માટે ગુજરાત અને ભારત સરકારની આંખો ખુલે અને મોંઘવારીને કાબુમાં લ્યે તે માટે આપણે સૌએ આંદોલન સાથે જોડાઈ લોકોના હિતની ઝુંબેશ આદરવાની છે તેમજ રાજકોટ શહેરના ૧ થી ૧૮ વોર્ડની અંદર બુથ વાઈઝ સભ્ય નોંધણી ઝુંબેશ શરૂ કરાશે. અને આવતી વિધાનસભાની ચુંટણીઓમાં લોકોની અને કોંગ્રેસની સરકાર બને તે માટેની ઝુંબેશમાં લોકોને આહ્વાન કરેલ તેમજ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અશોકભાઈ ડાંગર, કાર્યકારી પ્રમુખ પ્રદીપભાઈ ત્રિવેદી, વિરોધપક્ષના નેતા ભાનુબેન સોરાણી, પ્રદેશ કોંગ્રેસ પૂર્વ ઉપપ્રમુખ ડો. હેમાંગભાઈ વસાવડા, ગુજરાત મહિલા કોંગ્રેસ પ્રમુખ ગાયત્રીબા વાઘેલાએ નવા વર્ષના કોંગ્રેસ પરીવારના તમામ લોકોને અભિનંદન પાઠવેલ અને સૌને જનજાગરણ અભિયાન અને સભ્ય નોંધણી ઝુંબેશમાં લાગી જવા આહવાન કરેલું હતું.

આ કાર્યક્રમનું સંચાલન પૂર્વ પ્રમુખ મહેશભાઈ રાજપૂત દ્વારા કરવામાં આવેલ હતું અને આ કાર્યક્રમમાં પૂર્વ વિરોધપક્ષના નેતા પ્રવીણભાઈ રાઠોડ, અતુલભાઈ રાજાણી, જશવંતસિંહ ભટ્ટી, દિનેશભાઈ મકવાણા, સુરેશભાઈ બથવાર, ધરમભાઈ કામલીયા, કોર્પોરેટર કોમલબેન ભારાઇ, હિમાલયરાજ રાજપૂત, નરેશભાઈ સાગઠીયા, યુનુસભાઈ જુણેજા, વિગેરે આગેવાનઓ તેમજ રાજકોટ શહેર કોંગ્રેસના પરિવારજનો આ વિશેષ કારોબારીમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.(૧.૧૬)

રાજકોટ નાગરિક બેંક દ્વારા બેંકના પેનલ એડવોકેટ માટે માર્ગદર્શન સેમિનાર યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૫

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા બેંકના પેનલ એડવોકેટ માટે માર્ગદર્શન સેમિનાર યોજાયેલ હતો. તેમાં જાણીતા એડવોકેટ અનિલભાઇ દેસાઇ અને જયેશભાઇ જાનીએ માર્ગદર્શન આપ્યું હતું. રાજકોટનાં જીલ્લાના સ્પેશ્યલ પી.પી., કોર્પોરેટ ક્ષેત્ર અને વીમા કંપનીમાં એડવોકેટ તરીકે કાર્યરત, અનિલભાઇ દેસાઇ જણાવ્યું કે, જમીનોમાં અસંખ્ય દબાણો થતા જોવા મળે છે. ખેતીની જમીનમાં પણ દબાણો થતા જોવા મળે છે. આ સમસ્યાને ધ્યાને લેતા તત્કાલીન મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ તજજ્ઞો સાથે ચર્ચા-વિચારણા કરી, રાજ્યના લોકોની માલ મિલકતના રક્ષણ માટે તાત્કાલિક રીતે એક નવો કાયદો 'ગુજરાત લેન્ડ ગ્રેબીંગ પ્રોહીબીશન એકટ' તૈયાર કર્યો અને વિધાનસભામાં પાસ કર્યો. સામાન્ય રીતે એવું માનવામાં આવે કે કોઇ માણસની મિલકત પચાવી પાડવામાં આવે તો લેન્ડ ગ્રેબીંગ લાગૂ પડે એવી માનસિકતા છે. પરંતુ લેન્ડ ગ્રેબીંગ અને લેન્ડ ગ્રેબરની વ્યાખ્યા જોઇએ તો, મિલકત સંદર્ભની કોઇપણ ગેરકાયદેસર પ્રવૃતિઓનો આમાં સમાવેશ થાય છે. આ કાયદાને લીધે રાજ્યની મોટાભાગની મિલકતો સલામત થઇ ગઇ છે. લેન્ડ ગ્રેબિંગ એક્ટ જનકલ્યાણ માટેનો કાયદો છે.

આ સેમિનારમાં જીમ્મીભાઇ દક્ષીણી (વાઇસ ચેરમેન), જીવણભાઇ પટેલ (પૂર્વ વાઇસ ચેરમેન-ડિરેક્ટર), ટપુભાઇ લીંબાસીયા (પૂર્વ વાઇસ ચેરમેન-ડિરેક્ટર), અર્જુનભાઇ શિંગાળા (ડિરેક્ટર), કિર્તીદાબેન જાદવ (ડિરેક્ટર), બાવનજીભાઇ મેતલિયા (ડિરેકટર), કાર્તિકેયભાઇ પારેખ (ડિરેક્ટર), વિનોદ શર્મા (જનરલ મેનેજર-સીઇઓ), યતીનભાઇ ગાંધી (સી.એફ.ઓ.), રજનીકાંત રાયચુરા (ડી.જી.એમ.), મનીશભાઇ શેઠ (એ.જી.એમ.-ડીસેન્ટ્રલાઇઝડ-ક્રેડિટ), હેમાંગભાઇ ઢેબર (ચીફ મેનેજર-ક્રેડિટ), અનિલભાઇ દેસાઇ, આર. એમ. વારોતરીયા, વિવિધ શાખામાં કાર્યરત પેનલ એડવોકેટ, આમંત્રિતો અને નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.(૧.૧૬)

શહેર ભાજપ દ્વારા આયોજીત સ્નેહમિલન કાર્યક્રમમાં

કાર્યકર્તાઓનું લાલ કારપેટથી સ્વાગત કરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૫

નવા વિચારો અને નવા સંકલ્પો સાથે નુતન વર્ષના આગમનને વધાવવા અને પરસ્પર શુભેચ્છા પાઠવવા આજે સાંજે ૬ વાગ્યે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના અધ્યક્ષ સ્થાને અને રાજયના પુર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, પ્રદેશ ભાજપના સહપ્રભારી સુધીરજી ગુપ્તા, પ્રદેશ મહામંત્રી વિનોદભાઈ ચાવડા, રાજયના મંત્રી જીતુભાઈ વાઘાણી, અરવિંદભાઈ રૈયાણી, પ્રદેશ યુવા ભાજપ પ્રમુખ પ્રશાંત કોરાટ, શહેર ભાજપ સંગઠનના પ્રભારી ઝવેરીભાઈ ઠકરાર તેમજ સાંસદઓ મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, ધારાસભ્યઓ ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, ભાજપ અગ્રણીઓ બીનાબેન આચાર્ય, ઉદય કાનગડ, નિતીન ભારદ્વાજ, ડો.પ્રદિપ ડવ, કશ્યપ શુકલ, રક્ષાબેન બોળીયા, ભાનુબેન બાબરીયા, અંજલીબેન રૂપાણી, તેમજ કોર્પોરેટરઓ, શહેર ભાજપના હોદેદારો, મોરચા સેલના કાર્યકર્તાઓ, વોર્ડપ્રમુખ- મહામંત્રીઓ, શિક્ષણ સમિતિ સદસ્યો તેમજ તમામ

સ્નેહમિલન કાર્યક્રમને આખરી ઓપ આપતા કમલેશ મિરાણી

શ્રેણીના કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં અમૃતસાગર પાર્ટી પ્લોટ, ૧૫૦ ફુટ રીંગરોડ, એ.પી. પાર્ક સામે, ખાતે શહેર ભાજપ કાર્યકર્તાઓ, સમર્થકો અને શુભેચ્છકોનું સ્નેહમિલન યોજવામાં આવનાર છે ત્યારે અમૃતસાગર પાર્ટી પ્લોટ ખાતે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી સહિતના અગ્રણીઓએ સ્નેહમિલન કાર્યક્રમને

ભવ્યાતિભવ્ય બનાવવા માટે સમગ્ર તૈયારીઓને આખરી ઓપ આપવામાં આપી રહયો છે ત્યારે આ સ્નેહમિલનમાં બેન્ડ, આતશબાજી, રંગોળી, દીવડાઓ, નયનરમ્ય પોસ્ટરો તેમજ કાર્યકર્તાઓનું લાલ કારપેટથી સ્વાગત કરાશે આ તકે રાજુભાઈ ધ્રુવ તેમજ આ કાર્યક્રમને સફળ બનાવવા શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, સ્ટેન્ડીગ ચેરમેન પુષ્કર પટેલ, શહેર ભાજપ ઉપપ્રમુખ વિરેન્દ્રસિંહ ઝાલા, પ્રફુલભાઈ કાથરોટીયા, વિક્રમ પુજારા, મહેશ રાઠોડ, પરેશ હુંબલ શહેર ભાજપ મંત્રી રઘુભાઈ ધોળકીયા, માધવ દવે, શહેર ભાજપ કોષાધ્યક્ષ અનીલભાઈ પારેખ, નીતીન ભુત, શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશ જોષી, જીગ્નેશ જોષી, યુવા ભાજપના પૃથ્વીસિહ વાળા, કુલદીપસિંહ જાડેજા, હેમાંગ પીપળીયા, હાર્દીક બોરડ, જય શાહ, રામભાઈ પટેલ સહિતના ઉપસ્થિત રહ્યા હતા. તેમ શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશ જોષીએ જણાવ્યું હતું.(૧.૧૬)

બાબુભાઇ વૈદ્ય લાઇબ્રેરી ખાતે મારી કારકિર્દી મારા હાથમાં, સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા કાર્યક્રમ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૫

બાબુભાઇ વૈદ્ય લાઇબ્રેરીમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત રાષ્ટ્રીય ગ્રંથાલય સમાહ-૨૦૨૧ ની ઉજવણીમાં આજે પ્રથમ દિવસે મારી કારકિર્દી મારા હાથમાં અંતર્ગત સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કાર્યક્રમના માર્ગદર્શક તેજસ પંડ્યા, ડો. એન.ડી. શીલુ તથા રોજગાર અધિકારી ચેતન દવે હાજર રહ્યા હતા. મહેમાનોનુ શબ્દોથી સ્વાગત લાઇબ્રેરીના લાઇબ્રેરીયન એન.એમ. આરદેશણાએ કર્યુ હતુ. જ્યારે ઉપસ્થિત મહેમાનોનુ પુસ્તકથી સ્વાગત લાઇબ્રેરીના જુનિયર સહાયક ગ્રંથપાલ સુનિલ દેત્રોજા તથા સિનિયર ક્લાર્ક માનવેંદ્રસિંહ જાડેજા દ્વારા કરવામાં આવેલ હતું.(૧.૧૬)

સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા

રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ અંતર્ગત વિવિધ સાહિત્ય કાર્યક્રમો યોજાશે

'આંગણાનું ઓજશ-દીકરી' નિબંધ સ્પર્ધા, વિજેતા સ્પર્ધકોને રોકડ પુરસ્કાર-પ્રમાણપત્ર અપાશે

રેસકોર્ષમાં પુસ્તક પરબ યોજાશે, શહેરના ૯ પુસ્તકાલયોની મુલાકાત, કવિઓ-સર્જકોનું અભિવાદન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૫

દેશના નાગરિકો વાંચન પ્રવૃતિમાં રસ લેતા થાય તેવા શુભ આશયથી પ્રતિવર્ષ તા.૧૪ નવેમ્બર થી ૨૦ નવેમ્બર સુધી રાષ્ટ્રીય ગ્રંથાલય સમાહ ઉજવવામાં આવે છે જે અંતર્ગત સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત રૂક્ષ્મણીબેન દીપચંદભાઈ ગારડી વૃધ્ધાશ્રમ દીકરાનું ઘર પ્રેરિત સાહિત્યીક પ્રવૃતિઓ કરતી સાહિત્યીક સંસ્થા સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા આપણા પાંચ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

ગુજરાતી ભાષા અને સાહિત્યને પ્રોત્સાહન મળે તે માટે થઈને આંગણાનું ઓજસ-દીકરી આ વિષય પર ઓપન ગુજરાત નિબંધ સ્પર્ધા યોજવામાં આવેલ છે. ભાગ લેનાર વિજેતા સ્પર્ધકોને રોકડ પુરસ્કાર તેમજ પ્રમાણમાં આપવામાં આવશે.

સંસ્થાના અનુપમ દોશી, જનાર્દન આચાર્ય, સુધીર દતા, પ્રકાશ હાથી વધુમાં જણાવે છે કે ગ્રંથાલય સમાહ નિમિતે સંસ્થાના કાર્યકર્તાઓ શહેરના લેગ લાઈબ્રેરી રોટરી મીડટાઉન લાઈબ્રેરી બાબુભાઈ વૈદ્ય લાઈબ્રેરી રામકૃષ્ણ આશ્રમ પુસ્તકાલય મેડીકલ કોલેજ લાઈબ્રેરી લાખાજીરાજ પુસ્તકાલય પ્રભાદેવી જયપ્રકાશ નારાયણ પુસ્તકાલય જી.ટી.શેઠ પુસ્તકાલય સહિતના ૯ પુસ્તકાલયોની રૂબરૂ મુલાકાત લઈને ગ્રંથાલય પ્રવૃતિને માહિતી મેળવશે. આ ઉપરાંત શહેરના ત્રણ કવિઓ સર્જકો સર્વ ભાસ્કર ભટ્ટ, વારીજ લુહારનું તેઓના નિવાસસ્થાને રૂબરૂ જઈને ભાતીગળ તેમજ પરંપરાગત અભિવાદન કરવામાં આવશે. ગ્રંથાલય સમાહ અંગે વિશેષ માહિતી માટે સંસ્થાના અનુપમ દોશી ૯૪૨૮૨૩૩૭૯૬ નો સંપર્ક સાધવા જણાવાયું છે સમગ્ર આયોજનની સફળતા માટે સંસ્થાના મુકેશ દોશીના માર્ગદર્શન હોય અનુપમ દોશી જયાર્દન આચાર્યા પરિમલભાઈ જોષી, જયેન્દ્રભાઈ મહેતા, પંકજ રૂપારેલીયા, હસુભાઈ શાહ, હસુભાઈ રાચ્છ વગેરે કાર્યરત છે. તેમ જણાવ્યું છે.(૧.૧૬)

પંડિત જવાહરલાલ નહેરૂની ૧૩૨મી જન્મજયંતિ પ્રસંગે પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરતા પદાધિકારીઓ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૫

ગઈકાલ તા.૧૪ ના રોજ પંડિત જવાહરલાલ નહેરૂની ૧૩૨મી જન્મજયંતિ પ્રસંગે તેઓની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવેલ.

આ પ્રસંગે મેયર ડો.પ્રદિપ ડવ, ચેરમેન, સ્ટેન્ડિંગ કમિટી પુષ્કરભાઈ પટેલ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા, કોર્પોરેટર મનીષભાઈ રાડીયા, પરેશભાઈ પીપળીયા, વિનોદભાઈ સોરઠીયા, મગનભાઈ સોરઠીયા, ચેતનભાઈ સુરેજા, કંચનબેન સિધ્ધપુરા, કંકુબેન ઉધરેજા, મંજુબેન કુંગસીયા, દક્ષાબેન વાઘેલા, અલ્પાબેન દવે, લીલુબેન જાદવ, અગ્રણી દીપકભાઈ દવે વિગેરે ઉપસ્થિત રહી પુષ્પાંજલિ અર્પણ કરેલ.(૧.૧૬)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)

વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com

એડ્રેસઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

જૂનાગઢની લીલી પરિક્રમમાં લોકોને છૂટ આપતા સરકારનો આભાર માનતા જગદીશ રાવલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૫

ગુજરાતની ગરીમા ગૌરવસમા લાખો ભકતોની શ્રધ્ધા ભકિત-આસ્થાનું કેન્દ્ર જૂનાગઢની ગીરનારની લીલી પરીક્રમામાં રાજય સરકાર દ્વારા અગાઉ માત્ર ૪૦૦ વ્યકિત સાધુ-સંતો માટે સમિતિ હતી. જેના અનુસંધાને બ્રહ્મસેના દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને તમામ ભકતો માટે મંજૂરી માટે રજૂઆત કરવામાં આવી હતી.

લાખો હજજારો ભકતો માટે સરકાર દ્વારા ગીરનારની પરીક્રમાની મંજૂરી આપતા બ્રહ્મસેના સ્થાપક અધ્યક્ષ જગદીશ રાવલ દ્વારા આભાર માન્યો છે.(૧.૧૬)

વોર્ડ નં.૧૬ ભાજપના મહામંત્રી જીતેન્દ્ર સીસોદીયાનો આજે જન્મદિવસ

રાજકોટઃ મહાનગરના વોર્ડ નં.૧૬ ભાજપના મહામંત્રી જીતેન્દ્રસિંહ સીસોદીયાનો આજે જન્મદિવસ છે. ૦૨-૦૨થી શુભેચ્છાઓ મળી રહી છે. જીતુભાઈ દ્વારા શહેરની કેદારનાથ સોસાયટી ખાતે શ્રી બજરંગ ગરબી મંડળ દ્વારા છેલ્લા બાળાઓ પાસેથી કોઈપણ જાતની ફી લીધા વગર છેલ્લા અગીયાર વર્ષથી પ્રાચિન રાસોત્સવનું આયોજન કરવામાં આવે છે. આજે જીતેન્દ્રસિંહ સીસોદીયા (જીતુભાઈ) ના મો.નં.૯૮૨૪૮૬૧૬૧૩ ઉપર તેમને પરીવારજનો, મિત્ર વર્તુળ, ભાજપ અગ્રણીઓ, કાર્યકર્તાઓ તરફથી શુભેચ્છાઓ મળી રહી છે. જીતેન્દ્રસિંહ સીસોદીયાના જન્મદિવસ પર 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી શુભકામનાઓ...

હળવદ મા.યાર્ડમાં મગફળી અને કપાસની બમ્પર આવક

ટ્રેકટરોની લાંબી લાઈન; કપાસના રૂા.૧૩૦૦ થી ૧૭૦૦, મગફળીમાં રૂા.૮૦૦ થી ૧૨૦૦ ના ભાવ બોલાયા

(મયુર રાવલ દ્વારા)

હળવદ, તા.૧૫

હળવદ તાલુકો છેલ્લા કેટલાક સમયથી હરણફાળ વિકાસ કર્યો છે હળવદ તાલુકો ખેતી આધારિત તાલુકો છે જેમાં જીરુ, મગફળી, કપાસ મુખ્ય ઉત્પાદનો છે ત્યારે હળવદ માર્કેટિંગ યાર્ડ ખાતે કપાસ અને મગફળીની બમ્પર આવક થઈ હતી. માર્કેટિંગ યાર્ડમાં કપાસની અંદાજિત ૪૦ હજાર મણ જ્યારે ૨૦ હજાર મણ મગફળીની અંદાજીત આવક થઈ હતી કપાસના ભાવ ૧૩૦૦ થી ૧૭૦૦ રૂપિયા, જ્યારે મગફળીમાં ૮૦૦ થી ૧૨૦૦ રૂપિયા સુધીના ભાવ બોલાયા હતા. રાત્રે ખેડૂતોના વાહનોની આવક ચાલુ રહી હતી. ત્યારે ટેકાના ભાવે મગફળી કેન્દ્ર પર કોઈ કારણોસર ખરીદીના થતા ખેડૂતોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો અને વહેલી સવારથી ખેડુતો ટ્રેકટર લઈ લાઈનમાં ઉભા હતા.ભારે મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો.

આ બાબતે ખરીદ કેન્દ્રના અધિકારીને પૂછતા તેમણે જણાવ્યું હતું કે રોજે સો જણા ને ફોન કરે છે જેમાંથી ૨૦ જણા આવતા હોય છે આજે એકીસાથે ૭૦ ખેડૂતો આવ્યા હતા અને ગઈકાલે ખરીદ કરેલો માલ હજી સુધી ઉપાડયો નહોતો જેના કારણે આજે મોડું થયું છે ગાડી ભરાય એટલે કામગીરી શરૂ થશે જેના કારણે ખેડૂતોએ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. તો તાત્કાલિક ધોરણે ખેડૂતોને મુશ્કેલી ન પડે તેવી કામગીરી કરવા ખેડૂતોની માંગ ઉઠવા પામી છે. સાથે સાથે હળવદ માર્કેટિંગ યાર્ડમાં કપાસ તથા મગફળીની બમ્પર આવક થતાં માર્કેટિંગ યાર્ડની જગ્યા નાની પડતી હતી. માર્કેટિંગ યાર્ડ અને વધુ જગ્યા ફાળવવામાં આવે તેવી ખેડૂતોની લાગણી અને માગણી ઉઠવા પામી છે.(૧.૧૬)

જૂનાગઢ ખાતે ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજના ઉમેદવારો માટે

પોલીસ ભરતી માટેની તાલીમ સેમીનાર યોજાયો

(કિશન મોરબીયા દ્વારા)

જૂનાગઢ, તા.૧૫

રવિવારે સમસ્ત ક્ષત્રિય ખાંટ રાજપુત સમાજના પોલીસ ભરતી માટેના ઉમેદવારો માટે તાલીમ સેમીનાર યોજવામાં આવ્યો હતો જેમાં ખાંટ રાજપુત સમાજના અંદાજીત ૧૫૦ જેટલા ભાઈઓએ તેમજ બહેનોએ પોલીસ ભરતી અંગેની પ્રશિક્ષણ અને માર્ગદર્શન અંગેના યોજાયેલ સેમિનારનો લાભ લીધો હતો જેમાં ક્ષત્રિય ખાંટ રાજપુત સમાજના અને હાલ ગુજરાત પોલીસ વિભાગમાં અલગ-અલગ શાખામાં ફરજ બજાવતા પોલીસ કર્મીઓએ જુનાગઢ ખાતે યોજાયેલ આ સેમિનારમાં ઉમેદવારોને પોલીસ ભરતી અંગે પ્રશિક્ષણ અને માર્ગદર્શન આપ્યું હતું.

જુનાગઢ ખાતે યોજવામાં આવેલ આ સેમિનારમાં ગુજરાત પોલીસ વિભાગમાં ફરજ ફજાવતા ખાંટ રાજપુત સમાજના ભાઈઓ તથા બહેનોએ તાલીમાર્થી ઓને તાલીમ આપી.(૧.૧૬)

હળવદ તાલુકાના ગ્રામીણ રસ્તાઓ કયારે બનશે ?

રોડ-રસ્તાની કામગીરી તાત્કાલીક શરૂ કરવા ગ્રામજનોની માંગ

(મયુર રાવલ દ્વારા)

હળવદ, તા.૧૫

હળવદ તાલુકાના મોટા ભાગના ગામોમાં ગ્રામીણ રસ્તાઓ જે ગામથી સીમને ખેતીવાડીને જોડતા હોય એવા લગભગ તમામ ગામોમાં ૩-૪ રસ્તાઓ આવેલા હોય છે આ રસ્તાઓ ભારે વરસાદના કારણે ધોવાઇ ગયા છે. અનેક ગામોમાં ખેતીવાડી સુધી વાહન હજુ સુધી પહોચી ના શકે તેટલા મોટા પ્રમાણમાં એક દોઢ ફૂટ ઉંડા અને પાંચ - છ ફૂટ લંબાઈના ખાડા પડયા છે. હાલ ખેડૂતોને ખરીફ પાક તૈયાર થયો છે તે માર્કેટમાં વેચાણ માટે લઇ જવા માટે ખરાબ રસ્તાઓના કારણે અનેક મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે. વરસાદ બંધ થયાને પણ ખુબ સમય થઇ ગયો છતાં આવા રસ્તા રીપેર થતા નથી.તંત્ર કહે છે કે ગ્રામ પંચાયત દરખાસ્ત મોકલે તો અમો નરેગા મારફત મંજુર કરી આપીએ. જો જિલ્લા તંત્ર આવા રસ્તાઓ રીપેર કરવા માટે ગ્રામ પંચાયતોને સુચના આપીને ઝુંબેશ સ્વરૂપે આ કામગીરી ઉપાડે તો અનેક ખેડૂતોના હૈયે સ્મિત આવી શકે તેમ છે. સ્થાનિકોને રોજગારી પણ મળે અને રસ્તાઓ પણ રીપેર થઇ શકે. હળવદ તાલુકાના ગ્રામ્ય પંથકના રોડ રસ્તા ની કામગીરી તાત્કાલિક શરૂ કરવામાં આવે તેવી હળવદ પંથકના લોકોની માગણી ઉઠવા પામી છે.(૧.૧૬)

કુંકાવાવ-વડીયા તાલુકાના જંગર ખાતે દાતાઓનો સન્માન સમારોહ યોજાયો

૪૫ ગામના ૨૦૦ દાતાઓનું સન્માન કરાયું

(નટવરલાલ ભાતિયા દ્વારા)

કુંકાવાવ, તા.૧૫

અન્નપૂર્ણાધામ-અમદાવાદના ચેરમેન રવજીભાઈ વસાણીની આગેવાનીમાં વતન જંગર ખાતે સૌ પ્રથમવાર ૪૫ ગામના દાતાઓને એકમંચ પર એકઠા કરાયા. અમરેલી જિલ્લાના કુંકાવાવ-વડીયા વિસ્તારના ૪૫ ગામના કુલ ૨૦૦ કરતા પણ વધારે દાતાઓનો સન્માન સમારોહ જંગર ખાતે યોજાયો હતો જેના અધ્યક્ષ સ્થાને પ.પૂ.વિદૂષી ગીતાદીદી તથા ઉદઘાટક પદે કાનજીભાઈ ભાલાળા, પરશોતમભાઈ ગેવરીયા,મગનભાઈ રામાણી, મનસુખભાઈ સુવાગીયા, નિલેષભાઈ પટેલ, સવજીભાઈ વેકરીયા, ધનસુખભાઈ દેવાણી, ડો.રાજપરા, બી.એલ. રાજપરા,વસંતભાઈ મોવલીયા વિ.સમગ્ર ગુજરાતમાંથી મહાદાતાઓ ઉપસ્થિભત રહયાં હતા. કાર્યક્રમના પ્રારંભે સમારોહના મુખ્ય. સહયોગી, મહાદાતા તથા અન્નપૂર્ણા ધામના ચેરમેન રવજીભાઈ વસાણીએ સૌનું શબ્દોથી સ્વાગત કર્યુ હતું. સમગ્ર સમારોહમાં બાબુભાઈ વસાણી, રમણીકભાઈ વસાણી સહિત બસો દાતાઓનું સન્માન કરાયુ હતું. સમગ્ર સમારોહને સફળ બનાવવા માટે સરપંચ,ઉપસરપંચ જંગરગામના યુવાનો, સ્વંયમ સેવકો વિ.એ ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર સમારોહનું સંચાલન હરેશભાઈ બાવીશી તથા આભારવિધિ પ્રાગજીભાઈ વસાણીએ કરી હતી.(૧.૧૬)

વાંકાનેરમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું કથા પાન કરાવતા શાસ્ત્રી અનિલપ્રસાદ શાસ્ત્રીજી

(ભાટી એન. દ્વારા) વાંકાનેરઃ વાંકાનેર ખાતે સંગીતના શૂરતાલે ચાલતી ભાગવત સપ્તાહમાં વકતા પદે શાસ્ત્રી અનિલપ્રસાદ જોષીજી કથાનું રસપાન કરાવી રહ્યા છે. જ્ઞાનયજ્ઞના મુખ્ય આયોજક રાજુભાઈ કેસરિયા, હર્ષદભાઈ કેસરિયા તથા સમગ્ર વાંકાનેરની ધર્મપ્રેમી જનતા કથા સાંભળવા ઉમટે છે જેમાં ભકિતમય માહોલમાં શાસ્ત્રી અનિલપ્રસાદજી પોતાની જ્ઞાનભકિતથી તરબતર કરતા નઝરે પેડે છે.(૧.૧૬)

"ઝરુખો"

માણસની પોતાની જાત સાથે સચ્ચાઈ

આપણા તમામની જાતમાં જ દુષ્ટ, સૌથી ખરાબ દુશ્મન રહેલો છે અને તમારી જાતમાં જ શ્રેષ્ઠ મિત્ર પણ રહેલો છે અને એટલે જ માણસ પોતાની જાતને એ જેવી છે એવા સ્વરૂપે ઓળખવાની વાત છે અંગ્રેજીમાં એક કહેવત છે "you may find the worst enemy or the best friend in your self" માણસ હોશિયાર સુંદરને બળવાન હોય એ જરૂરી નથી. પણ એ જેવો હોય એવો એના અનુરૂપ જીવનને જીવવાની કોશિશ કરવી જોઈએ. તબલામાંથી જેમ તબલાનો જ અવાઝ નીકળે એ જ રીતે આપણે જેવા હોઈએ એવો જ આપણી જિંદગીનો સૂર હોવો જોઈએ.

એક ઈસપની નીતિકથાઓમાં એક બાપને દીકરો પોતાના ટટ્ટુને લઈને મેળામાં વેચવા જાય છે એની વાત આવે છે. તે વાત આપણને બધાને લાગુ પડે છે ટટ્ટુને વેચવા જઈ રહેલા બાપને દીકરાને જોઈને રસ્તામાં કેટલાક લોકો તેમની ટીકા કરે છે ''કેવા મૂર્ખાઓ છે! સવારી હોવા છતાં બંન્ને ચાલતા જઈ રહ્યા છે!'' બાપ-દીકરાને એ વાત સાચી લાગે છે એટલે થોડે દૂર જઈ બંન્ને ટટ્ટુ ઉપર બેસી જાય છે. આગળ જતા બીજા માણસો મળે છે તે કહે છે ''કેવા દયા વગરના બાપ-દીકરો છે આ બંન્નેના વજનથી ટટ્ટુની પીઠ તૂટી જશે!'' ટટ્ટુની પીઠ તૂટી જવાની વાત સાંભળી દીકરો બાપને બેસાડી પોતે નીચે ચાલવા લાગે છે. એ જોઈએ કેટલાક લોકો ટીકા કરે છે ''દીકરો પગે ચાલીને જાય છે ને બાપ સવારી કરે છે એ સાંભળી બાપ-દીકરાને ટટ્ટુ ઉપર બેસાડે છે તો પણ લોકો ટીકા કરે છે'' કેવો જમાનો આવ્યો છે! જુવાન છોકરો ટટ્ટુ ઉપર બેઠો છે ને ઘરડો બાપ પગે ચાલીને જાય છે. એટલે આખરે બાપ-દીકરો એક મોટા વાંસ સાથે ટટ્ટુને બાંધીને ખભે ઉપાડે છે. પણ રસ્તામાં પુલ આવતા ટટ્ટુએ તોફાન કર્યુને નીચે નદીમાં પડી ગયું.

જાગૃતિ દવે મિશ્રા (બરોડા)

આવું જ આપણી માણસ જાતનું છે તે પોતાની જાતને સાચા સ્વરૂપે ઓળખવાના બદલે બીજા દ્વારા થતી પોતાની પ્રશંસા કે ટીકાના રૂપમાં અને જોવે છે અને એ પ્રમાણે વર્તે છે પેલા બાપ-દીકરાએ પણ ટટ્ટુને એના સાચા સંદર્ભમાં જાણ્યુ હોતને લોકોની પરવાના કરી હોત તો ટટ્ટુને ગુમાવી દીધુ ના હોત. માણસ બીજા પાસે સારા દેખાવા માટે ઘણા કામો કરે છે. બીજાને છેતરી પોતાનો સ્વાર્થ સાધે છે પણ એમ કરતી વખતે તે જિંદગીના સાચા રસ્તે ચાલતો નથી. તેની દબાયેલી ઈચ્છાઓને લાગણીઓનો કચરો તેના મન પર હોય છે તે પછી કયારેક અવનવી વિકૃતિઓને વેદનામાં પરિણમે છે. માણસ એટલો ખોવાયેલો હોય છે કે તે પોતાના સાચા સ્વરૂપને પામવાનો પ્રયત્ન તેના માટે મુશ્કેલ છે. માણસની જાત અનેક આવરણોમાં છુપાયેલી છે. માણસ ઉદાર, હિંમતવાનને શુરવીર હોય એ જ સાચો ગણાય એવા ખ્યાલો બાજુ પર રાખવા જોઈએ. ઉદાર બનવું.



બહાદુરને ભલા બનવાનું એ સારી વાત છે પણ એવા ન હોવું એ શરમાવાં જેવું નથી. પરંતુ પોતે જેવા હોય એ સ્વરૂપને સ્વીકારવાથી જ તેમાં સુધરવાની પ્રક્રિયા શરૂ થઈ શકે છે. આપણે આપણી જાત વિશે જાણવા ઈચ્છીએ તો પોતાને સૌથી અગત્યનું શું લાગે છે? પૈસા, કિર્તી, પ્રેમ, સત્તા આમાં આપણને બધુ જ મહત્વનું લાગે. ને ઘણીવાર મહત્વનું ના પણ લાગે. બીજુ એક નિષ્ણાંત મનોવૈજ્ઞાનિક કહે છે કે સાચો માણસ કુરસદના સમયમાં પ્રગટ થાય છે. નોકરી, ધંધો, જમવું ને ઉંઘવું. એ બધુ માણસને કરવું જ પડે છે પણ કુરસદનો સમય તેની મૂડી છે. માણસ પોતાના કામનો કંટાળો આવે છે તેને કેટલાક જાળાં દૂર કરવાના છે એનો અર્થ છે એનામાં જે ખૂટે છે એ તેમને જાણવું જરૂરી છે. માણસના જીવનમાં ઘણી બધી મુશ્કેલી આવે છે. કોઈનું પણ જીવન સામાન્યનો સીધી લીટીમાં ચાબતું નથી. કયારેક નજીકના સભ્યોને મિત્રો દગો કરે છે ત્યારે કઈ રીતે વર્તવું તે મહત્વનું છે.

માણસ બીજા લોકોને બનાવી શકે છે પરંતુ પોતાની જાતને બનાવી શકતો નથી એક સૂફી સંતે કહ્યું છ કે ''તમારામાં રહેલી સાપ કે દુષ્ટતાને ઓળખવા માટે માણસે પહેલી સચ્ચાઈ પોતાની જાત સાથે રાખવી જોઈએ'' એટલે જ મિત્રો સુખ સચ્ચાઈમાં છે પોતાની જાત સાથે જે માણસ સાચો અને સ્પષ્ટ થઈને ઉભો રહી શકતો નથી સુખચેનથી જીવી શકતો નથી ખરૂને તો તમે પણ વિચારજો.

જય શ્રીકૃષ્ણ

કાનૂની સેવા સમિતિ વડિયા દ્વારા

કાનૂની સેવા જાગૃતિ અર્થે પ્રભાત ફેરી યોજાઈ

(કિરીટ જોટવા દ્વારા)

વડિયા, તા.૧૫

દેશની આઝાદીના ૭૫વર્ષ પૂર્ણ થતા આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે નેશનલ લીગલ ઓથોરિટી અને નામદાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સતા મંડળ, અમદાવાદના આદેશ અનુસાર નામદાર અમરેલી જિલ્લા કાનૂની સેવા સતા મંડળના માર્ગદર્શનથી અમરેલી જિલ્લાના તમામ તાલુકાઓમાં નહેરૂની જન્મજયંતિ સુધી કાનૂની જાગૃતિ મુહિમ ચાલેલી હોય.

જેમાં વડિયા તાલુકા કાનૂની સેવા સતા મંડળના અધ્યક્ષ મિમાંશા મહેશ અગ્રવાલના માર્ગદર્શનથી એક ટીમ બનાવી વડિયા તાલુકાના ગામડાઓમાં કાનૂની શિક્ષણ શિબિરોનુ આયોજન કરવામાં આવ્યું હતુ. થતા ગ્રામીણ વિસ્તારમાં ડોર ટુ ડોર કાનૂની સહાય અંગેનો પ્રચાર કરવામાં આવેલ.

આ ઉપરાંત મફત લીગલ કાનૂની સહાય અંગેની પત્રિકાઓનુ વિતરણ કરી ગામડાના છેવાડાના માણસ સુધી કાનૂની સહાય અંગેની જનજાગૃતિ લાવવા પ્રયાસ હાથ ધરાયો હતો.

આ કાર્યક્રમની પુર્ણાહુતીના ભાગરૂપે આજે વહેલી સવારે વડિયાની નામદાર કોર્ટના ગ્રાઉન્ડથી મુખ્ય બજારમાં એક પ્રભાત ફેરી યોજવામાં આવી હતી જેમાં વડિયા કોર્ટ, મામલતદાર ઓફિસ, પોલીસ, હોમગાર્ડ અને ગ્રામપંચાયતનો સ્ટાફ જોડાયો હતો.(૧.૧૬)

યુવા કોળી સમાજ ગુજરાતનું પ્રદેશ સંગઠનનું માળખું જાહેર કરાયું

પ્રદેશ પ્રમુખ રસિક ચાવડા અને પ્રદેશ મહામંત્રી અજય શિયાળ દ્વારા પ્રદેશ હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી

(અજય શિયાળ દ્વારા)

રાજુલા, તા.૧૫

કોળી સમાજ નાં હક્ક અધિકાર અને સામાજિક રાજકીય ક્ષેત્રે થતાં અન્યાય સામે અવાજ ઉઠાવનાર યુવા કોળી સમાજ ગુજરાતનાં સ્થાપક દિવ્યેશ ચાવડા દ્વારા થોડા દિવસો પહેલા જ પ્રદેશ પ્રમુખ તરીકે ઉનાનાં યુવા આગેવાન રસિક ચાવડા અને પ્રદેશ મહામંત્રી તરીકે રાજુલાનાં યુવા આગેવાન અજય શિયાળની નિમણુંક કરવામાં આવી હતી. અને ઓનલાઈન સભ્ય નોંધણી તથા સંગઠનનો લોગો જાહેર કરી વધુમાં વધુ યુવાનોને સંગઠન સાથે જોડવા માટે અપીલ કરી હતી. તેમજ આગામી દિવસોમાં આ સંગઠનને જિલ્લા અને તાલુકા સુધી પહોંચવામાં માટે અને સંગઠન મજબૂત કરવા માટે પ્રદેશ માળખાંની જાહેરાત કરવામાં આવી છે.

જેમાં પ્રદેશ ઉપપ્રમુખ તરીકે શોધનભાઈ જોરા, હરેશભાઈ મેર, કિસ્મતભાઈ ગોહિલ, પારુનભાઈ શેવરા તથા પ્રદેશ મંત્રી તરીકે શકરાજી ઠાકોર, હરેશભાઈ મકવાણા, વિનાયકભાઈ ચુડાસમા, તેમજ મધ્ય ગુજરાત પ્રભારી તરીકે વિરલભાઈ બારીયાની નિમણુંક કરવામાં આવી છે.(૧.૧૬)

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ-માસીક મિલન દ્વારા

શનિવારે પ્રબુધ્ધ નાગરિક ગોષ્ઠિ-૧૦૦ મો મણકોનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ માસીક મિલન દ્વારા પ્રબુધ્ધ નાગરિક ગોષ્ઠિ - ૧૦૦ મો મણકો સજજન શકિતનો કર્તવ્ય બોદ્ધ વિષય પર પૂ.ભાઈશ્રી રમેશભાઈ ઓઝાનું પ્રેરક વકતવ્ય તા.૨૦ ને શનિવાર ,રાત્રે ૯ કલાકે પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ ખાતે રૈયા રોડ ખાતે રાખવામાં આવેલ છે.

વ્યાખ્યાન ધર્મ, અર્થ, આરોગ્ય, યોગ, રાષ્ટ્રસેવા, રાષ્ટ્રવિભુતિઓ, પરીવાર પ્રબોધન, સૈનીકનું પ્રવચન, લહજેહાદ, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, ગાય, નંદા અને પ્રકૃતિની વાતોના જેવા વિષયો પર શ્રેષ્ઠ વકતાઓએ અગાઉ માર્ગદર્શન કર્યું છે.

આ જ્ઞાન ગંગાની સંઘના દૈનિક શાખાની જેમ સંઘર્ષોથી સમૃધ્ધ થતી અને આજે ૯૯ ના વ્યાખ્યાન અવિરત

સજજન પૂ.ભાઈશ્રી રમેશભાઈ ઓઝાનું પ્રેરક વકતવ્ય

દોર દર મહીનાના પ્રથમ સોમવારે ચાલુ રહયો. પ્રબુધ્ધ અને પ્રતિષ્ઠીત સમાજ શ્રેષ્ઠીઓ દેશભકિત અને રાષ્ટ્રીય રંગે રંગાઈ ગયા. મુકેશભાઈ મલ્કાણ, નરેન્દ્રભાઈ દવે, ડો.સંજીવભાઈ ઓઝા, ડો.જીતેન્દ્રભાઈ અમલાણી સતત માર્ગદર્શન મળતું રહ્યું છે.

વધુ માહિતી માટે કાર્યવાહ દિપકભાઈ પટેલ મુખ્ય શિક્ષાક ડો. એન.ડી.શીલુ ૯૮૨૫૨૮૪૬૩૯, ૯૮૨૫૫૦૭૬૫૮ પર સંપર્ક કરી શકાય છે. તેમ જણાવ્યું છે.(૧.૧૬)

અવસાન નોંધ

રાજકોટઃ રાજકોટ દાઉદી વ્હોરા સલમાબેન ભારમલ (ઉ.વ.૫૫) તે હાતીમભાઈ મલકાણી (વાંકાનેર) ના પુત્રી જોયેબભા, અબ્બાસભાઈ ભારમલ (મોરબીવાળા) ના પત્ની સકીનાબેન, બતુલબેનના માતા, મોઈઝભાઈ, યુસુફીભાઈ, ફરીદાબેનના બહેનનું તા.૧૫ ને સોમવારના રોજ રાજકોટ મુકામે નિધન થયેલ છે. શોક સંદેશા માટે અબ્બાસભાઈ મા.૯૪૨૬૮૯૯૬૫૯ રવાનાઃ હુસામુદીન કપાસી જસદણ મો.૯૯૨૪૦૧૪૩૫૨

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં દેવદિવાળીની ઉજવણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)રાજકોટ, તા.૧૫: રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં દેવદિવાળી પર્વની ઉજવણી કરવામાં આવી છે. અમુક જગ્યાએ ગઈકાલે તો અમુક જગ્યાએ આજે દેવદિવાળીની ઉજવણી કરવામાં આવી છે. ફટાકડાની આતીશબાજી સાથે તુલશીજી અને ઠાકોરજીના લગ્ન કરવામાં આવ્યા છે. વિક્રમ સવંત ૨૦૭૮ ને કારતક સુદ અગીયારસના રોજ સાંજે ભવ્ય તુલસી વિવાહની ઉજવણી કરવામાં આવશે. જેમાં હિન્દુ ધર્મની પરંપરા અનુસાર તમામ ધાર્મિક વિધી સાથે વાસુદેવ પુત્ર લાલજી મહારાજના લગ્ન દક્ષ પ્રજાપતી વર્મણ પુત્રી સૌ.કાં. 'તુલસીવૃઠા' સાથે યોજાશે.

રૈયા ચોકડી પાસે યુવક પર હુમલો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા. ૧૫

લક્ષ્મીનગર ત્રિશુલ ચોકમાં રહેતાં ઋષભ કલ્પેશભાઇ વ્યાસ (ઉ.વ.૨૫) નામના યુવાન પર રાત્રીના સવા દસેક વાગ્યે રૈયા ચોકડી પાસે અજાણ્યા બે શખ્સે ઝઘડો કરી છરીથી હુમલો કરી ઇજા કરતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

કાવો મારવા મામલે આ માથાકુટ થઇ હતી.ઋષભ વ્યાસ ઘાયલ હાલતમાં સિવિલમાં દાખલ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી. ઋષભનાક હેવા મુજબ તે એરપોર્ટ ફાટક પાસે ફૂટવેરની દૂકાનમાં કામ કરે છે. રાતે બાઇક હંકારીને નાણાવટી ચોકમાંથી પસાર થતો હતો ત્યારે બાઇક પર બે જણા નીકળ્યા હતાં. તેના ચાલકે આડેધડ કાવા મારતાં પોતે પડતાં પડતાં રહી ગયો હતો.

આથી તેને કિસ્મત હોટેલ નજીક પહોંચી ધ્યાન રાખીને હંકારવાનું કહેતાં ચાલક સહિતના બે જણાએ ઉશ્કેરાઇ જઇ માથાકુટ કરી હતી અને પોતાને છરી ઝીંકી દીધી હતી. સારવાર બાદ રાતે જ રજા લીધી હતી.(૯.૧૩)

બગસરાના નાના મુંજીયાસર ગામે કારમાંથી રોકડ-દાગીનાની ચોરી

અમરેલી, તા.૧૫

અમદાવાદથી બગસરા તાલુકાના નાના મુંજીયાસર ગામે હવન કરવા આવી રહેલ એક પરિવારના કારના ચાલક અથવા તો કોઇ અજાણ્યા ઇસમે કારના ચાલકની પાછળના ખાનામાં રાખેલ રોકડ રકમ તથા સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ. ૨,૫૯,૦૦૦ ના મુદામાલની ચોરી કરી લઇ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાતા પોલીસે ચોરીનો ભેદ ઉકેલવા તપાસ હાથ ધરી છે.

અમદાવાદ ગામે નિકોલ રોડ ઉપર રહેતા ધર્મેશભાઇ મનસુખભાઇ ગોંડલીયા ગત તા. ૯ ના રોજ પોતાના પરિવાર સાથે કાર નં. જી.જે.૦૧ કે.એચ. ૦૩૯૩માં અમદાવાદથી બગસરા તાલુકાના નાના મુંજીયાસર ગામે હવન માટે જઇ રહ્યા હતા.

ત્યારે અમરેલી બાયપાસ ચોકડી નજીક આવેલ પેટ્રોલ પંપથી લઇ નાના મુંજીયાસર ગામ સુધીના રસ્તામાં કોઇ અજાણ્યા તસ્કરે અથવા તો શકદાર કાર ચાલક વિજયભાઇ ભટ્ટી (રહે. નિકોલ-અમદાવાદ) કાર ચાલકની સીટની પાછળ કવરખાનામાં રાખેલ લેડીઝ પર્સ જેમાં હવનના પ્રસાદના રોકડ રૂપિયા ૫૧,૦૦૦ તથા રૂા. ૧૦ ની નોટનું નવું બંડલ રૂા. ૧૦૦૦ મળી કુલ રૂપિયા પર હજાર રોકડા તથાસોનાની વીટી નંગ-૨, કિં.રૂા. ૪૦૦૦૦, સોનાનો પેડલ સાથેનો ચેઇન-૧ કિં.રૂા. ૫૮,૦૦૦, સોનાની લકકી કિં.રૂા. ૭૦,૦૦૦ તથા આઇફોન કિં.રૂા. ૩૯૦૦૦ મળી કુલ રૂા. ૨,૫૯,૦૦૦ નો મુદ્દામાલ ચોરી કરી લઇ ગયાની ફરિયાદ અમરેલી તાલુકા પોલીસમાં નોંધાતા પોલીસે ચોરીનો ભેદ ઉકેલવા માટે ફિંગરપ્રિન્ટ નિષ્ણાંત તથા ડોગ સ્કવોર્ડની મદદ લઇ વધુ તપાસ હાથ ધરી છે.(૯.૧૩)

કોરોના નવા ૧૦,૨૨૯ કેસ નોંધાયાઃ ગઈકાલની સરખામણીએ ૯.૨% ઓછા

ખંભાળીયામાં સુતારની દુકાનમાં આગઃ લાકડા ભસ્મીભૂત

ખંભાળીયા તા.૧૫

ટાઉન હોલ પાસે આવેલ એક સુતારની દુકાનમાં શોટ સર્કિટ કે અન્ય કારણોસર લાકડામાં આગ ફાટી નીકળતા જવાળાઓ દુર સુધી દેખાઇ હતી.

બનાવની જાણ થતાં ચીફ ફાયર ઓફિસર મીતરાજસિંહ પરમાર તથા નજીકમાં પ્રસંગમાં આવેલા શાસક પક્ષના નેતા દિલીપભાઇ ઘઘડા ઘટના સ્થળે પહોંચી ગયા હતા.

ફાયરના જવાનો તથા સ્ટાફ દ્વારા રાત્રે ૧૨ થી ૨ સુધી કાર્યવાહી કરીને આગ કાબુમાં લઇને અન્યોને નુકશાન થતું અટકાવ્યું હતું આગમાં મોટા પ્રમાણમાં લાકડા તથા લાકડાનું ફર્નિચર ભસ્મીભૂત થઇ ગયું હતું.(૯.૧૩)

શહેર કોંગ્રેસ દ્વારા પંડિત જવાહરલાલ નહેરૂજીની જન્મજયંતી નિમિતે પુષ્પાંજલિ અર્પણ કરાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઇ ચાવડાની સુચનાથી શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ૧૪ નવેમ્બરના રોજ દેશના પ્રથમ વડાપ્રધાન, આધુનિક ભારતના શિલ્પી, બાળકોના ચ્યારા, ભારત રત્ન સ્વ. પંડિત જવાહરલાલ નહેરૂની જન્મજયંતી નિમિતે તેમની પ્રતિમાને પુષ્પ અર્પણ કરવામાં આવ્યા.

આ તકે શહેર કોંગ્રેસ પ્રમુખ અશોકભાઇ ડાંગર, કાર્યકારી પ્રમુખ પ્રદીપભાઇ ત્રિવેદી, ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ ગાયત્રીબા વાઘેલા, મનપા વિપક્ષીનેતા ભાનુબેન સોરાણી, પૂર્વ પ્રમુખ મહેશભાઇ રાજપૂત, દિમીબેન સોલંકી, પૂર્વ ડેપ્યુટી મેયર ભરતભાઇ મકવાણા, ભાર્ગવભાઇ પઢીયાર, વોર્ડ પ્રમુખ, શૈલેશભાઇ સાકરિયા, અલ્પેશભાઇ ટોપિયા, ગીરીશભાઇ ઘરસંડિયા, વાસુભાઇ ભંભાણી, નરેશભાઇ પરમાર અને પૂર્વ કોર્પોરેટર સંજયભાઇ અજુડિયા તમજ આગેવાનો વશરામભાઇ ચાંડપા, અશોકસિંહ વાઘેલા, ઠાકરસીભાઇ ગજેરા, અરવિંદભાઇ ભેસાણીયા, પ્રવીણભાઇ મૈયડ, પ્રભાતભાઇ ડાંગર, પ્રવીણભાઇ સોરાણી, રોહિતભાઇ માલા, અજીતભાઇ વાંક, હરેશભાઇ સોજીત્રા, અરવિંદભાઇ મુછડિયા, પરેશભાઇ સોલંકી, અને શાંતાબેન મકવાણા વિગરે આગેવાનો કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. તેમ શહેર કોંગ્રેસ કાર્યાલય મંત્રી ગોપાલ મોરવાડિયા એ જણાવ્યું છે. (૧.૧૩)

રાજપીપળામાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ

રાજપીપળા, તા.૧૫

રાજપીપળા સહિત નર્મદા જિલ્લામાં તા.૧૧/૧૧ થી તા.૩૦/૧૧ સુધીનો મતદાર યાદી સુધારણાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

જેમાં ખાસ ઝુંબેશના ચાર રવિવાર પણ જાહેર કરાયા હોય તા.૧૪ ના પ્રથમ દિવસ બાદ તા.૨૧ અને તા.૨૭ શનિવાર અને તા.૨૮ ને રવિવાર આમ ચાર દિવસ માટે નર્મદા જિલ્લામાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત કોઈપણ મતદારે પોતાના ચૂંટણી કાર્ડમાં સુધારો વધારો કરવો હોય તો પોતાના મતદાન મથકે જઈ બુથ લેવલ અધિકારીને મળી જરૂરી ફોર્મ ભરી સુધારો કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.(૯.૧૩)

વીરપુર પાસેના મેવાસની ઘટના

પ્રેમી સાથે મળી ભરથારને મોતને ઘાટ ઉતારાનો પત્નિનો પ્રયાસ નિષ્ફળ

ગ્રામજનો આવી જતાં યુવાન બચી ગયો, પત્નિ સહિત ત્રણ સામે ગુન્હો દાખલ

(કિશન મોરબીયા દ્વારા)

રાજકોટ, તા.૧૫

વીરપુર પાસેના મેવાસા ગામે રહેતા પટેલ યુવાનને તેના ઘરમાં ઘુસી પત્ની, પત્નીના પ્રેમી સહિત ત્રણ શખસોએ મારકૂટ કરી, ગળું દબાવી હત્યાની કોશિષ કરી હતી.જોકે યુવાને દેકારો કરતા આસપાસમાં રહેતા ગ્રામજનો આવી જતા યુવાનનો જીવ બચી ગયો હતો.બાદમાં તેણે આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ત્રણેયની અટકાયત કરી હતી જયારે સામાપક્ષે પત્નીના પ્રેમીને એક ગ્રામજને લાકડી ફટકાર્યાની વળતી ફરિયાદ થઈ છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ મેવાસા ગામે રહેતા અને ખેતી કામ કરનાર કિશોરભાઈ ધીરૂભાઈ રાદડિયા(ઉ.વ ૩૪)એ વીરપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી જેમાં આરોપી તરીકે તેની પત્ની હીના તેમજ જામકંડોરણાના મોટા ભાદરા ખાતે રહેતો તેનો પ્રેમી આશિષ અરવિંદભાઈ સાકરિયા અને અને પ્રેમીના મિત્ર પ્રતિક ચંદુભાઈ વિરડીયાનું નામ આપ્યું હતું.

ફરિયાદમાં જણાવ્યા ગુરૂવારના બપોરના સુમારે તે ઘેર સુતો હતો તે દરમ્યાન આશિષ અને પ્રતિક તેના ઘરમાં ઘુસી પત્ની સાથે મળી તેને પકડી મારકૂટ કરી ગળું દબાવી પતાવી દેવાની કોશિષ કરતા તેણે દેકારો કરતા તને પતાવી દઈ પંખે લટકાળી દેવો છે તેવું કહેતા યુવાને કેમ પણ કરી બહાર નીકળી દેકારો કરતા પડોશીઓ એકઠા થઈ જતાં ત્રણેય શખસો નાશી ગયા હતા.બાદમાં યુવાનને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. બનાવની વધુમાં જાણવા મળતી વિગતો મુજબ, કિશોરની પત્ની હિનાને આશિષ સાકરિયા સાથે પ્રેમ સંબંધ હોય મોબાઈલમાં મેસેજ આવતા હોવાની જાણ થતાં આશિષને બોલાવી બીજાનું ઘર ભાંગવાની ના પાડી ઠપકોઆપ્યો હતો જેનો ખાર રાખી તેની પત્નીએ જ પ્રેમીને ફોન પર મેસેજ કરી ઘેર બોલાવી પતિને પતાવી દેવાનો પ્લાન ઘડ્યો હોવાનું જણાવતા પોલીસે ત્રણેય શખસો સામે હત્યાની કોશિષ સહિતની કલમ હેઠળ ગુનો ત્રણેય આરોપીઓને ઝડપી લીધા છે. જયારે સામાપક્ષે આશિષ અરવિંદ ભાઈ સાકરિયા નામના હીરાઘસુ યુવાને વીરપુર પોલીસ મથકમાં મેવાસા ગામે રહેતા વેલજી રાદડિયા સામે ફરિયાદ નોંધાવી છે.

જેમાં જણાવ્યું છે કે,દેકારો થતાં ગ્રામજનો આવી ગયા હતાં.તેમાં આરોપી વેલજીએ તેનો લાકડીનો ઘા ફટકારી દીધો હતો.જેથી તેને કપાળનાભાગે ઈજા પહોંચી હતી. બંને ફરિયાદ અંગે વીરપુર પોલીસ મથકના પ્રોબેશનલ પી.આઈ પી.આર.ચૌધરી તપાસ ચલાવી રહ્યા છે.(૧.૧૩)

હીનાએ પ્રેમીને કહ્યું હું પગ પકડી રાખીશ તું મારા પતિનું ગળું દબાવી દેજે

મોટા ભાદરામાં રહેતા પરિણીતાના પ્રેમી આશિષ સાકરીયાએ ગ્રામજનોએ તેના પર કરેલા હુમલા અંગે નોંધાવેલી ફરિયાદમાં એવો ઉલ્લેખ કર્યો છે કે, ગુરૂવારે બપોરે હિનાનો મેસેજ આવ્યો હતો અને તેને મેવાસા બોલાવ્યો હતો.તે તથા તેનો મિત્ર પ્રતિક વિરડીયા અહીં ગયા હતા ત્યારે હીનાએ કહ્યું હતું કે, મારો પતિ અંદર રૂમમાં સૂતો છે તારે ગળું દબાવવાનું છે પ્રતીક તેની આંખ પર દુપટ્ટો રાખશે અને હું તેના પગ પકડી રાખીશ આમ સમગ્ર હત્યાનો પ્લાન પણ યુવાનની પત્નીએ જ કર્યો હતો.

ગોપાલ ચોકમાં કારને રસ્તો આપવા મામલે યુવાન પર હુમલો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

ગાંધીગ્રામ ઘરમનગર મેઈન રોડ પર રહેતો અને મારવાડી કોલેજમાં સિવિલ એન્જીનિયરીંગમાં અભ્યાસ કરતો હરશ્યામસિંહ કિશોરસિંહ જાડેજા (ઉ.વ.૨૧) નામનો યુવાન બપોરે કારમાં તેના નાનાભાઈ ધર્મદિપસિંહને બેસાડી સ્કૂલે મુકવા જઇ રહ્યો હતો ત્યારે ગોપાલ ચોકમાં કૈલાસનગર પાસે પહોંચ્યો તે વખતે આરએમસી ગાર્ડન નજીક કારને રસ્તો આપવા મામલે રવિ અભેસિંહ ડોડીયા નામના શખ્સે માથાકુટ કરી ગાળો દઇ તેના પર હુમલો કરી તેમજ હરશ્યામસિંહના પિતાજીને પણ ગાળો દઇ મારી નાંખવાની ધમકી આપી હતી. આ મામલે યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી ત્વરીત તપાસ હાથ ધરી હતી. દરમિયાન હેડકોન્સ. હરપાલસિંહ જાડેજા અને કોન્સ. જેન્તીગીરી ગોસ્વમીને માહિતી મળી હતી કે ધમકી આપનાર આરોપી રવિ ડોડીયા મેટોડામાં આવેલી હિમાલયા ફીઝ નામની ફેકટરીનો માલિક છે અને તે મેટોડા જીઆઇડીસી ગેઇટ નં. ૧ પ્લોટ નં. ૨૨૨ ખાતે તેની ઇનોવા કાર જીજે૦૩કેસી-૦૦૫૫ સાથે ગયો છે. આ માહિતી પરથી પોલીસે ત્યાં પહોંચી તપાસ કરતાં કારમાંથી જોન વોકર રેડ લેબલ સ્કોચની ૨૫૦ મિ.લી.ની બોટલ પણ મળતાં તે તથા કાર કબ્જે કરી રવિ અભેસિંહ ડોડીયા (ઉ.૩૦-રહે. આર. કે. પાર્ક મેઈન રોડ, અનુષ્કા મકાન, રાણી ટાવર પાસે કાલાવડ રોડ)ની ધરપકડ કરી હતી.(૯.૧૩)

દહેજ-આમોદ રોડ ઉપર વાહન ચાલકે રાહદારીને અડફેટે લેતા મોત

ભરૂચ, તા.૧૫

દહેજ-આમોદ રોડ ઉપર આવેલી બી.ઇ.એલ.ઓ અને આઈ.પી.એલ. વચ્ચે અજાણ્યા વાહન ચાલકે રાહદારીને અડફેટે લીધો હતો. જેથી રાહદારીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

મૂળ ઝારખંડના અને હાલ આમોદ રોડ ઉપર આવેલી એક કોલોની ખાતે રહેતો ૩૦ વર્ષીય અજિત શ્યામ બિહારી દહેજની ભારત રસાયણ કંપનીમાં સળિયા સેંટિંગનું કામ કરે છે. ગતરોજ તે બપોરે તબિયત સારી ન હોવાથી કંપનીની બહાર દવા લેવા ગયો હતો. આ દરમિયાન દહેજ-આમોદ રોડ ઉપર આવેલી બી.ઇ.એલ.ઓ અને આઈ.પી.એલ. વચ્ચે તે રસ્તો ક્રોસ કરી રહ્યો હતો. ત્યારે અજાણ્યા વાહને રાહદારી અજિત રાજવારને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં યુવાનને ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેને ૧૦૮ની મદદ વડે ભરૂચની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં હાજર તબીબે તેને તપાસી મૃત જાહેર કર્યો હતો. ત્યારે આ અંગે પોલીસે અકસ્માત અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.(૯.૧૩)

સુરતમાં બહારથી આવતાં લોકોના કોરોના ટેસ્ટની સંખ્યા વધારી દેવાઈ

આજે ૧૭૯ સ્થળો પર વેક્સિનેશનની કામગીરીઃ શહેર અને જિલ્લામાં એક્ટિવ કેસની સંખ્યા ૩૨ થઈ

સુરત, તા.૧૫

સુરતમાં દિવાળી બાદ કોરોના માથુ ઉચકી રહ્યું છે. જેથી શહેર બહાર ફરવા ગયેલા કે બહાર ગામથી આવતાં તમામ લોકોના કોરોના ટેસ્ટ શહેરના પ્રવેશ દ્વાર પર કરવામાં આવી રહ્યાં છે. ગત રોજ શહેર જિલ્લામાં ૨ કેસનો વધારો થયો છે. જેથી કોરોના કેસનો આંકડો વધીને ૧,૪૩,૯૭૨ થયો છે. આ સાથે જ તહેવારોની રજાઓ પૂર્ણ થતાં કોરોના વેક્સિનેશનની કામગીરી પણ તેજ કરવામાં આવી છે. આજે ૧૭૯ સેન્ટર પર રસીકરણ કરવામાં આવી રહ્યું છે.

શહેરમાં ૨ અને જિલ્લામાં શૂન્ય કેસ સાથે ગત રોજ શહેર જિલ્લામાં કોરોનાના વધુ ૦૨ કેસ પોઝિટિવ નોંધાયા હતા. આ સાથે શહેર અને જિલ્લામાં કોરોનાના પોઝિટિવ કેસની કુલ સંખ્યા ૧૪૩૯૭૨ થઈ ગઈ છે. જિલ્લામાં કોરોનાના એક પણ દર્દીનું મોત નીપજ્યું નથી.

અત્યાર સુધીમાં શહેર જિલ્લામાં કોરોનાનો કુલ મૃતાંક ૨૧૧૬ થયો છે. ગતરોજ શહેરમાંથી ૧૫ અને જિલ્લામાંથી ૦૦ સહિત ૧૫ દર્દીઓ

કોરોનાને માત આપી સાજા થતા તેમને રજા આપવામાં આવી હતી. અત્યાર સુધીમાં શહેર જિલ્લામાં ૧૪૧૮૨૪ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થઈ ચુક્યા છે. હાલ શહેર જિલ્લામાં એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૩૨ થઈ છે.(૯.૧૩)

પડધરી - રોણકી - મેટોડામાં વીજતંત્રની ૪૫ ટીમોનું ચેકીંગ

GIDCના ૩ ફીડર સહિત કુલ ૧૦ ફીડરમાં ધોંસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા. ૧૫

પીજીવીસીએલ કોર્પોરેટ ઓફિસની સૂચના બાદ આજે સવારે ૯ વાગ્યાથી રાજકોટ રૂરલ ક્ષેત્રમાં વીજતંત્રની ૪૫ ટીમોએ દરોડાનો દોર શરૂ કર્યો છે.

એસઆરપીના ૧૩ જવાનો અને ૪-વીડીયોગ્રાફરો સાથે કુલ ૬ ગામો અને ૧૦ ફીડર ક્ષેત્રમાં ટીમો ત્રાટકી છે, ટીમોએ પડધરી, રોણકી, મેટોડામાં મોટા ઔદ્યોગિક ક્ષેત્રમાં ચેકીંગ શરૂ કર્યું છે. સાંજ સુધીમાં વીજચોરી અંગે રીપોર્ટ આવશે.(૯.૧૩)

સુરતઃ ગેરકાયદે ઉઘરાણી કરનાર ફાઈનાન્સરની ધરપકડ

રત્નકલાકાર પાસેથી ૧૩ હજારની સામે ૨.૫૦ પડાવ્યા છતાં વધુ રકમ માંગતા ગુનો નોંધાવ્યો

સુરત, તા.૧૫

વરાછામાં વ્યાજખોરે રત્ન કલાકારને ઉંચા વ્યાજે ૧૩ હજાર રૂપિયા આપીને તેની સામે ૨.૫૦ લાખ રૂપિયા પડાવી લેવાના બનાવમાં વરાછા પોલીસે ગેરકાયદેસર વ્યાજે રૂપિયા આપનાર ફાઈનાન્સરની ધરપકડ કરી છે. વરાછામાં લમ્બે હનુમાન રોડ પર મારૂતિ ચોક ખાતે આવેલ ભગીરથ સોસાયટીમાં રહેતા હરેશ હિંમતભાઈ ડાભી રત્ન કલાકાર છે.

હરેશ ડાભીને ચારેક વર્ષ પહેલા સાડીના વેપાર માટે રૂપિયાની જરૂરત પડતા ફાઈનાન્સર ભુપત રબારી પાસેથી કુલ ૧૩ હજાર રૂપિયા વ્યાજે લીધા હતા. ભુપત રબારીએ તેની સામે ૨૦ ટકા વ્યાજ માંગ્યુ હતું. હરેશે વ્યાજ સાથે રૂપિયા આપવાની તૈયારી બતાવી હતી. પરંતુ હરેશ સમયસર રૂપિયા આપી શક્યો ન હતો. તેથી ભુપતે વ્યાજ પર વ્યાજ માંગવાનું શરૂ કર્યું હતું.

ચાર વર્ષમાં ધીરે-ધીરે કરીને ધાકધમકી આપીને ભુપતે હરેશ પાસેથી રૂ.૨.૫૦ લાખ પડાવી લીધા હતા. ત્યાર બાદ પણ ભુપત રૂપિયાની માંગણી કરતા હરેશ ડાભીએ ફાઈનાન્સર ભુપત રબારી વિરુદ્ધ વરાછા પોલીસ સ્ટેશનમાં મની લેન્ડીંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. વરાછા પોલીસ આરોપીની શોધખોળ કરી રહી હતી. પોલીસે આરોપી ફાઈનાન્સર ભુપત આપાભાઈ મકવાણા(રહે. વડવાળા સોસાયટી,મરઘા કેન્દ્ર પાસે, લમ્બે હનુમાન રોડ વરાછા)ની ધરપકડ કરી હતી. પરંતુ આરોપી ભુપતે આગોતરા જામીન મેળવ્યા હોવાથી તેને જામીન મુક્ત કર્યો છે.(૯.૧૩)

Dt.15-11-2021 8 સોમવાર

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

કાલે મનપાની સ્ટેન્ડિંગ મિટિંગઃ કુલ ૩૪ દરખાસ્ત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ , તા.૧૫

રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની એક મીટિંગ આવતીકાલે તા. ૧૬ ને મંગળવારે સ્ટેન્ડિંગ કમિટી કોન્ફરન્સ રૂમમાં રાખવામાં આવી છે. આ સ્ટેન્ડિંગ કમિટીની મીટિંગ માં કુલ ૩૪ દરખાસ્ત મૂકવામાં આવી છે.

પરઢયુંન પાર્ક ઝૂ ખાતે સફેદ વાઘ માટે બ્રીડીંગ સેલ બનાવવાની દરખાસ્ત મૂકવામાં આવી છે. રાજકોટ પ્રાણી સંગ્રાહલય શાખાના ઉપયોગ માટે બેટરી ઓપરેટેડ કાર ખરીદવા નિર્ણય લેવાશે.

વોર્ડ નં.૧૨ માં મવડી વિસ્તાર માં આવેલ અંકુર ૨૪ મી. રોડ, ગોપાલ પાર્કના હૈયાત ૯ મી. રોડ તથા માધવપાર્કના હૈયાત ૧૮ મી. હૈયાત રોડને રીંગ રોડ સાથે જોડવા લાઈન દોરી નક્કી કરવા દરખાસ્ત મુકવામાં આવી છે. મહાનગપાલિકાની સીધી ભરતી "CD વર્ગ-૧ થી વર્ગ-૪ ના તમામ સંવર્ગોની વયમર્યાદા માટે સરકારના ધોરણે અમલવારી કરવા મ્યુ. કમિશનરના પત્ર લક્ષમાં લઈ નિર્ણય લેવા દરખાસ્ત મુકવમાં આવી છે.

વોર્ડ નં.૪ માં આવેલ મોંગો માર્કેટ પાસે શિવાલય સોસાયટીમાં જનભાગીદારીથી ડ્રેનેજ કરવા સહિતની દરખાસ્ત મંજૂર કરવા આવતીકાલની સ્ટેન્ડિંગ કમિટીમાં નિર્ણય લેવામાં આવશે.(૧.૧૩)

રાજકોટ મનપાનાં પ્રયાસોથી ડેન્ગ્યુની આગેકૂચને થોડી 'બ્રેક'

ગત એક સપ્તાહમાં ૪૩ નવા કેસ નોંધાયા, અન્ય રોગનાં પાંચ કેસઃ રોગચાળો નોતરતા મચ્છરોનાં નાશ માટે આરોગ્ય શાખાનાં સતત પ્રયાસોઃ મચ્છર ઉત્પતિ બદલ ૯૭૦ આસામીઓ પાસેથી વહીવટી ચાર્જ વસુલાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

રાજકોટ મહાનગરમાં ડેન્ગ્યુનો રોગચાળો હજુ સંપૂર્ણ ખતમ થયો નથી. પરંતુ મનપાની આરોગ્ય અને મેલેરીયા શાખાનાં સઘન પ્રયાસોને કારણે ડેન્ગ્યુનાં રોગચાળાનું સંક્રમણ આગળ વધવામાં થોડી બ્રેક લાગી છે. ગત એકસમાહ દરમ્યાન ડેન્ગ્યુનાં ૪૩ નવા કેસ નોંધાયા હતા. જે આની પહેલાનાં સમાહમાં નોંધાયેલા કેસોમાં ઘટાડો સુચવી રહ્યા છે. ચિકનગુનિયાનાં ચાર કેસ નોંધાયા છે અને મેલેરીયાનો એક કેસ નોંધાયો છે.

મનપા તંત્ર દ્વારા ડેન્ગ્યુ, મેલેરીયા, ચિકનગુનિયા જેવો રોગચાળો નિયંત્રિત કરવા માટે સઘન એકધારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ તમામ રોગ માનવીની જીવનશૈલી સાથે સંકળાયેલા હોવાથી મનપાની કામગીરીમાં લોકો સહકાર આપે એ જરૂરી છે. મનપા દ્વારા ગત તા. ૮ થી ૧૪ નવેમ્બર સુધીમાં ૪૦૮૯૭ જેટલા ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. કુલ ૪૮૩૧ ઘરોમાં ફોગીંગ કરવામાં આવ્યું હતું.

જે વિસ્તારમાં મચ્છરની ઘનતા વધુ હોય એવા વિસ્તારો જેવા કે જાગનાથ પ્લોટ, જયનાથ પાર્ક, રેલનગર-૨, હુડકો ક્વાટર્સ, માર્કેટિંગ યાર્ડ, શ્યામલ વાટિકા, કનક નગર, ગઢિયા નગર, વર્ધમાનનગર, ટીએનરાવ કોલેજ પાસે, અયોધ્યા ચોક આસપાસનાં વિસ્તારોમાં વ્હીકલ માઉન્ટેન ફોગીંગ કરવામાં આવ્યું હતું. રહેણાંક સિવાયનાં ૫૦૬ સ્થળો પર તપાસ કરીને કુલ ૯૭૦ આસામીઓને નોટીસ આપવામાં આવી હતી અને રૂ. ૭૧૦૦ નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. મચ્છર ઉત્પતિ હોય ત્યાં નાશ કરવા માટે બાંધકામ સહિત હોટેલો, હોસ્પિટલ, ઔદ્યોગિક એકમો, હોસ્ટેલ, ભંગારનાં ડેલા, પેટ્રોલ પંપ, સેલર, હોલ વગેરેમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. ડેન્ગ્યુ ખૂબ ઝડપથી ફેલાતો હોય છે એટલે લોકોએ સફાઈ અને સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકાર રહેવું ન જોઈએ અને ચોખ્ખા પાણીનાં પાત્રો ઢાંકીને રાખવા જોઈએ. તેવી મનપા એ જાહેર અપીલ કરી છે.(૨.૧૨)

સૌરાષ્ટ્ર યુનિવર્સીટીની મતદાર નોંધણી પારદર્શક કરવા 'આપ'ની રજૂઆત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

આમ આદમી પાર્ટી દ્વારા આજે સૌરાષ્ટ્ર યુનિવર્સીટીનાં કુલપતિને આવેદનપત્ર પાઠવાયું છે. આવેદનપત્રમાં જણાવ્યું છે કે, હાલમાં સૌરાષ્ટ્ર યુનિવર્સીટીનો મતદાર નોંધણી કાર્યક્રમ ચાલુ છે. ગત તા. ૧૦ ના રોજ આવેદન પત્ર પાઠવીને મતદાર નોંધણીની સમય મર્યાદા ૧૦ દિવસ વધારવા માટે રજુઆત કરવામાં આવેલ. મતદાર નોંધણીમાં પારદર્શકતા જળવાય અને વધુમાં વધુ મતદારો નોંધાય તે માટે મતદાર નોંધણી ઓનલાઈન કરવી તેમજ રોજે રોજની મતદાર નોંધણીની માહિતી જાહેર કરવાથી પારદર્શકતા જળવાશે અને ભુતકાળમાં થયેલ ગેરરીતીઓને અવકાશ નહી પ્રદેશ આપ નાં અગ્રણી રાજભા ઝાલા સહિત આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

આમ આદમી પાર્ટી દ્વારા આજે સૌરાષ્ટ્ર યુનિવર્સીટીનાં કુલપતિને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી.(૧.૧૨)

રાજકોટ ભાજપમાં ફેરફારોના ભણકારા

સત્તાનાં નવા શકિત કેન્દ્ર અને સમીકરણ રચાઈ રહ્યાની જોરદાર ચર્ચાઃ જુના માળખાનું સ્થાન લઈને નવું નેતૃત્વ શકિતનાં કેન્દ્રમાં ઉભરી રહ્યાની ચર્ચા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

રાજકોટ શહેર જિલ્લા ભાજપમાં આવનારા દિવસોમાં સંગઠન પાંખ અને વહીવટી પાંખનાં ટોચનાં નેતાઓનાં ભાજપ કાર્યકરો સાથે સ્નેહમિલનનાં કાર્યક્રમોની વણઝાર શરૂ થઇ રહી છે. સ્નેહમિલનનાં એ કાર્યક્રમોમાં હાજર રહેનારા પક્ષનાં વહીવટી અને સંગઠન પાંખનાં નેતાઓની યાદી સાથેના નિમંત્રણ કાર્ડનો વિતરણ થઇ ગયું છે. તેમાં કેટલાક અણધાર્યા નામોનો ઉમેરો અને કેટલાક નામોની અણધારી બાદબાકીને પગલે અનેક ચર્ચા અટકણો અને રાજકીય અનુમાનોની આંધી ઉઠી છે. ભાજપને નજદીકથી જાણનારા રાજકીય ખેલંદા અને ભવિષ્ય વેતાઓ એવું માને છે કે, શહેર ભાજપમાં આગામી દિવસોમાં મોટાપાયે ફેરફારો થવાના ભણકારા વાગી રહ્યા છે. આગામી દિવસોમાં શહેર અને જિલ્લા ભાજપમાં નવા-જૂની થવાની સંભાવના છે. અલબત ભાજપની નેતાગીરીએ તેની જૂની ટેવ મુજબ તુરંત જ ડેમેજ કંટ્રોલની કવાયત શરૂ કરી દીધી છે. તેનું પરિણામ કેવું આવશે તે આગામી દિવસોમાં સ્પષ્ટ થઇ જશે.

અત્યારે ભાજપનાં કોઈ નેતા આંતરિક કોઈ સખળ-ડખળ હોવાનું સ્વીકારી રહ્યા નથી. એમના બચાવનામાં ભાજપની શિસ્તની લોખંડી દિવાલને અનુરૂપ જ એ જાણીતી વાત છે. જોકે એ કહેવું પડે કે ભાજપની ફરતે શિસ્તનું મજબુત કિલ્લા જેવું નક્કર આવરણ હોવા છતાં ક્યારેક આંતરિક અસંતોષની જ્વાળાનાં થોડાક લબકારા બહારથી દેખાઈ આવે છે ખરા. એ ધ્યાનમાં લઇ રાજકારણનાં જાણકાર સુત્રોએ એવો દાવો છાતી ઠોકીને કર્યો છે કે, શહેર ભાજપમાં ટૂંક સમયમાં જ મોટાપાયે ફેરફારો થઇ શકે છે. ક્યાં પ્રકારનાં, કઈ રીતે, ક્યારે થશે એ અંગે હજુ કોઈ અંદાજ બાંધી શકાય તેમ નથી. પરંતુ એ હકીકત નિશ્ચિત માનવામાં આવે છે કે નિમંત્રણ પત્રિકાઓને પગલે સ્નેહમિલનનાં કાર્યક્રમોની મીઠાશ જે રીતે કડવી બની છે તેનાથી પક્ષની પ્રદેશ નેતાગીરી અને વહીવટી પાંખનાં વડા પણ થોડી અકડામણ અનુભવી રહ્યા હોય એવા સંકેતો બહાર આવી રહ્યા છે.

તેના ઉપલક્ષ્યમાં ભાજપની નેતાગીરીએ રાજકોટ શહેર જિલ્લામાં હાલ તુરંત ડેમેજ કંટ્રોલની જોરદાર કવાયત શરૂ કરી દીધી હોવાનું આધારભૂત સુત્રો જણાવે છે.

શહેરમાં અને જિલ્લામાં ભાજપનાં જે ઘૂંઘવાટ ઉભો થયો છે. તેની પાછળ સ્નેહમિલનની નિમંત્રણ પત્રિકાઓ કારણભૂત માનવામાં આવે છે. જો કે નેતાગીરીમાંથી આવી કોઈ હકીકત મીડિયા સમક્ષ કબુલ કરવામાં આવતી નથી. ધુંધવાટનાં કેન્દ્રમાં રહેલા નેતાઓએ પણ કોઈપણ વિવાદ કે અસંતોષ સર્જાયાનો સ્પષ્ટ ઇન્કાર કરી દીધો છે શહેર ભાજપમાં ટૂંક સમયમાં ફેરફારોનાં ભણકારા વાગી રહ્યા હોવાની ચર્ચાઓ થઇ રહી છે.(૨.૧૨)

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં વધતું ઠંડીનું જોર

સોમવારે રાજયનું સૌથી ઠંડું શહેર રહ્યું નલિયા, ૧૧.૪ ડિગ્રી તાપમાનઃ જામનગરમાં ૧૪, રાજકોટમાં ૧૫.૭ અને કંડલામાં ૧૭ ડિગ્રી તાપમાન નોંધાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

શિયાળાની ઋતુ ધીમે-ધીમે હવે તેનો પંજો ફેલાવી રહી છે. રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છમાં દિવસે-દિવસે ઠંડીનું જોર વધી રહ્યું છે.

આજે રાજ્યનાં ૨૦ થી વધુ શહેરોમાં લઘુતમ તાપમાનનો પારો ૨૦ ડિગ્રીની નીચે ચાલ્યો ગયો હતો. સોમવારે રાજ્યનું સૌથી વધુ ઠંડુ શહેર નલિયા રહ્યું હતું. જ્યાં નિમ્નતમ તાપમાન ૧૧.૪ ડિગ્રી નોંધાયું હતું. અત્યારે સવારે અને સાંજે સુર્યાસ્ત પછી ઠંડીની વધુ અનુભૂતિ થાય છે. બપોરે ગરમીનું વાતાવરણ યથાવત રહ્યું છે.

આ રીતે ઠંડીની સીઝન ધીમે-ધીમે જનજીવનને લપેટામાં લઇ રહી છે. અલગ-અલગ શહેરોમાં આજે નોંધાયેલા લઘુતમ તાપમાનનાં આંકડા મુજબ જામનગરમાં ૧૪.૫, રાજકોટમાં ૧૫.૭, ડીસામાં ૧૪.૯, અમદાવાદ ૧૫.૯, જૂનાગઢ ૧૭, પોરબંદર ૧૬.૩, અમરેલી ૧૬, ભાવનગર ૧૭.૯, કંડલા ૧૭, ભુજ ૧૮.૨, દ્વારકા ૨૦.૨, દીવ ૧૮.૩, વડોદરામાં ૧૮.૪ અને સુરતમાં ૨૦.૮ ડિગ્રી નીચું તાપમાન નોંધાયું હતું.

ઠંડીની જોર વધવા સાથે મોસમી બિમારી જેવી કે, શરદી, તાવ, ઉધરશ વગેરેનું પ્રમાણ પણ વધતુ જાય છે. આ દિવસોમાં બહારના ઠંડાપીણા અને વાસી ખોરાકથી દૂર રહેવું જોઇએ તેવી સલાહ અપાઇ છે.(૨.૧૨)

ગુજરાતમાં સેવાસેતુના સાતમાં તબક્કામાં ૮૩૮ સેવાસેતુ કાર્યક્રમો યોજાયા

જનતાને ઘર આંગણે સરકારની યોજનાઓનો લાભ પહોંચાડવા મુખ્યમંત્રી પ્રતિબધ્ધ

(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૧૫

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ રાજયના નાગરિકોની વ્યકિત લક્ષી રજૂઆતોના નિરાકરણ તેમજ સામાન્ય માનવીને ઘર આંગણે સરકારની વિવિધ યોજનાઓના લાભ પહોંચાડવા માટે પ્રતિબધ્ધતા સાથે આગળ વધી રહયા છે. ગઇ તા.૨૨ ઓકટોબર ૨૦૨૧થી ૫ જાન્યુઆરી ૨૦૨૨ સુધીમાં સેવાસેતુના ૭માં તબક્કામાં ગ્રામ્ય સ્તરે ૨૧૫૩ અને શહેરોમાં ૩૫૪ સેવાસેતુ કાર્યક્રમો યોજવાનું આયોજન ચાલી રહયું છે.

સાતમાં તબક્કામાં કુલ ૮૩૮ કાર્યક્રમો યોજાયા હતા.(૨.૧૧)

સોનલ કેટરર્સ

શુધ્ધ, સાત્વિક ભોજન ટીફીન સર્વિસ બપોરે તેમજ સાંજે ટીફીન મોકલી આપશું.

૬ રોટલી, દાળ-ભાત, શાક, છાશ, સલાડ

સંપર્કઃ મો.૯૮૨૪૮ ૦૦૨૫૯, ૯૬૮૭૪ ૫૯૧૮૨, ૯૯૯૮૬ ૧૧૧૭૮

લગ્ન પ્રસંગે કેટરર્સ સુવિધા આપીશું.

સોનલ પાઉંભાજી, આસ્થા ચોક, રેલનગર, રાજકોટ.

રાજકોટ જિલ્લા કિસાન સંઘના

પ્રમુખ પદેથી દિલીપ સખીયાનું રાજીનામું

ચેકડેમો બનાવવા તેમજ ગૌશાળાના વિકાસ માટે વધારે પડતાં કામોથી રાજીનામું આપ્યુંઃ દિલીપ સખીયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

ભારતીય કિસાન સંઘના પ્રદેશના પ્રમુખ વિઠ્ઠલભાઈ દૂધાત્રા અને પ્રદેશ મહામંત્રી બાબુભાઇ પટેલને રાજકોટ જિલ્લા કિસાન સંઘના પ્રમુખ પદેથી દિલીપભાઇ સખિયા એ રાજીનામું સ્વીકારી અને મંજૂર કરવા પત્ર પાઠવ્યો હતો. દિલીપ સખીયાએ જણાવ્યું હતું કે, જિલ્લા પ્રમુખ પદેથી રાજીનામું સ્વીકારી લીધું છે. વધુમાં જણાવ્યું હતું કે, છેલ્લા ચાર વર્ષથી ભારતીય કિસાન સંઘ રાજકોટ જિલ્લાના પ્રમુખ તરીકેની જવાબદારી તમારા બધાના સહકારથી નિભાવી રહ્યા હતો. આ ચાર વર્ષમાં ખેડૂતોને લગતા કોઈપણ પ્રશ્નને જે તે વિભાગમાં રજૂઆત કરવા માટે થાય તેટલા સતત પ્રયત્ન કરેલ છે. રાજકોટ જિલ્લાના દરેક તાલુકાના કિસાન સંઘના કાર્યકર્તાઓએ પણ તનતોડ મહેનત કરી અને કિસાનોના પ્રશ્નોની રજૂઆત કરવામાં સાથ સહકાર આપ્યો છે. તે દરેક કાર્યકર્તાઓનો દિલથી આભાર માનું છું. હાલ કિસાનોના વિકાસ માટે ચેકડેમો બનાવવા તેમજ ગૌશાળા અને ગાયોના વિકાસ માટે વધારે પડતા કામ હોવાના કારણે, હું ભારતીય કિસાન સંઘના જિલ્લા પ્રમુખના હોદ્દા ઉપરથી રાજીખુશીથી રાજીનામું આપું છું. પરંતુ ભવિષ્યમાં પણ ખેડૂતોના વિકાસ માટે જે પણ થઇ શકે તેવા દરેક કાર્ય કરતા રહીશું. ભારતીય કિસાન સંઘના પ્રદેશ પ્રમુખ વિઠ્ઠલભાઈ દુધાત્રા તેમજ મંત્રી બાબુભાઇ પટેલે પણ હર હંમેશ અમને માર્ગદર્શન આપી અને ખેડૂતોના કામ માટે સતત મદદરૂપ થયેલા છે. તે બદલ હું પ્રદેશની ટીમનો પણ ખુબ ખુબ આભાર માનું છું.(૧.૧૩)

લીલીપરીક્રમામાં જોડાતા ભાવિકો, ૪૦૦-૪૦૦નાં જૂથમાં આમ જનતાને પરીક્રમાની છૂટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટઃ જૂનાગઢમાં દાયકાઓથી ગિરનારની ફરતે ૩૬ કિ.મી.ની લીલી પરિક્રમા કાર્તિકી સુદી-અગિયારસના રાત્રીના ૧૨ કલાકે વિધિવત શરૂ કરવામાં આવે છે પરંતુ ગત વર્ષે કોરોના મહામારીના કારણે માત્ર ૨૫ લોકોને જ મંજૂરી આપવામાં આવી હતી.યાત્રિકો અંદર જવા મકકમતાથી રૂપાયતનના રસ્તે ધૂન બોલાવીને બેસી ગયા હતા. પોલીસે સંયમ જાળવી અંદર ન પ્રવેશવા માટે યાત્રિકોને જાહેરનામાના હુકમના પાલન કરવા વિનંતી કરી હતી પરંતુ યાત્રિકો કોઈ પણ સમજવાને તૈયાર ન હતા. અંતે ગમે તે દબાણ ઉપરથી (ગાંધીનગર) આવ્યું હોય અને છેલ્લી ઘડીએ પાંચ કલાક પૂર્વે મંજૂરીની મહોર મારી ૪૦૦ની એક બેચથી પ્રવેશવાનું જાહેરનામું ગત સાંજે ૫ કલાક બાદ બહાર કલેકટરે રજાના દિવસે બહાર પાડતા ભાવિકોનો વિજય થયો હોવાનું યાત્રિકોએ જય ગિરનારીના નારા લગાવ્યા હતા. ૪૦૦+૪૦૦ની ટૂકડીઓ કઈ રીતે ગણવી તે ૪૦૦ ગયા બાદ તે નીચે ઉતરે બાદ બીજા ૪૦૦ને જવા દેવા તે પોલીસ માટે વ્યવસ્થાના ભાગને કાબુમાં સંયમ સાથે રાખવો તે પાંચ દિવસમાં અગ્નિ પરીક્ષા સમાન બની ચૂકયો છે.(૧૧)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.